




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૮૬ જૂનાગઢ તા.૨૩-૦૩-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 88, Junagadh : Date : 27 March, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay. Ph. : (0285) 2621000/ 2651800, E-mail : saurashtrabhoomi@gmail.com - Website : www.saurashtrabhoomi.com


# કેજરીવાલ રાજીનામુ નહી આપે તો દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન ?



નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કથિત દારૂ કૌભાંડમાં ધરપકડ બાદ ૨૮ માર્ચ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કસ્ટડીમાં છે. આ દરમિયાન સૌથી મોટો પ્રશ્ન એ છે કે કેજરીવાલ મુખ્યમંત્રી પદ પર રહેશે કે પછી પદ છોડવાનો નિર્ણય લેશે ? અત્યાર સુધી, આમ આદમી પાર્ટી સાથેની મુલાકાતમાં અને કોર્ટમાં હાજરીના દિવસે, કેજરીવાલે પોતે કહ્યું હતું કે તેઓ મુખ્યમંત્રી રહેશે અને જેલમાંથી સરકાર ચલાવશે. પરંતુ શું આ ખરેખર શકય છે ? જેલમાંથી સરકાર ચલાવી શકાય ? કેજરીવાલના આ પગલાને નિષ્ણાતો કેમ મુશ્કેલ માની રહ્યા છે શું દિલ્હીમાં પણ રાષ્ટ્રપતિ શાસન લાગુ થઈ શકે છે ?

શું છે કાયદાકીય જોગવાઈ : કોઈ મંત્રી કે મુખ્યમંત્રીની ધરપકડ થાય તો તેણે પદ છોડવું પડશે કે કેમ તેનો બંધારણમાં ઉલ્લેખ નથી. હા, એ વાત સાચી છે કે જો કોઈને બે કે તેથી વધુ વર્ષની જેલની સજા થાય તો તે ગૃહનું સભ્યપદ ગુમાવે છે. પરંતુ કેજરીવાલની હમણાં જ ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે માત્ર આરોપો જ લગાવવામાં આવ્યા છે. તેમની સામે ચાર્જશીટ દાખલ થવામાં, કેસ આગળ વધવામાં અને કોર્ટમાંથી નિર્ણય આવવામાં હજુ ઘણો સમય બાકી છે. કોર્ટના નિર્ણય સુધી કોઈ બંધારણીય જોગવાઈ તેમને મુખ્ય પ્રધાન પદ પર ચાલુ રહેવાથી રોકતી નથી. એ વાત સાચી છે કે તેઓ એવા પ્રથમ મુખ્યમંત્રી છે જેમણે ધરપકડ પહેલા પોતાનું પદ છોડ્યું ન હતું. લાલુ યાદવથી માંડીને હેમંત સોરેન સુધીના ઓછામાં ઓછા ૪ મુખ્ય પ્રધાનો અત્યાર સુધીમાં જુદા જુદા કેસોમાં જેલમાં ગયા છે, પરંતુ તેમની ધરપકડ પહેલા તમામે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. કેજરીવાલ મુખ્યમંત્રી રહીને જેલમાં જનારા પહેલા નેતા છે.

## ચૂંટણી દરમ્યાન રોકડ કે વસ્તુની લાંચ લેનાર - આપનારને એક વર્ષની સજા અને દંડ થશે

નવી દિલ્હી,તા. ૨૩: લોકસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન કોઈ પણ વ્યકિતને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી, ચૂંટણી પ્રક્રિયા વખતે રોકડ કે વસ્તુ સ્વરૂપે કોઈપણ લાંચ લેતી કે આપતી કોઈ પણ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧ (ખ) મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર છે. કોઈ પણ ઉમેદવાર કે મતદાર કે અન્ય કોઈ પણ વ્યકિતને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડવાની ધમકી આપતો કોઈ પણ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૧ (ગ) મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર છે. લાંચ આપનાર કે લેનાર બન્ને સામે કેસ નોંધવા તેમજ મતદારોને ધાક-ધમકી આપવામાં સામેલ વ્યકિતઓ સામે કાર્યવાહી કરવા માટે (ફલાઈંગ સ્કવોર્ડ) રચના કરવામાં આવી છે.

## સમગ્ર આમઆદમી પાર્ટી પર પ્રહાર કરવાની તૈયારીમાં ઈડી

નવી દિલ્હી તા. ૨૩ : દિલ્હીની અદાલતે શુક્રવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ૨૮ માર્ચ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કસ્ટડીમાં મોકલી દીધા છે. હવે ઈડીનું આગામી ટાર્ગેટ સમગ્ર આમ આદમી પાર્ટી હોઈ શકે છે. વાસ્તવમાં, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ રચાયેલી વિશેષ અદાલત સમક્ષ સુનાવણી દરમિયાન ઈડીએ સંકેત આપ્યો છે કે આમ આદમી પાર્ટી ને પણ પાછળથી આરોપી બનાવી શકાય છે.

ઈડીએ શુક્રવારે દાવો કર્યો હતો કે કથિત દારૂ કૌભાંડ કેસમાં અપરાધની આવકમાંથી આમ આદમી પાર્ટી 'મોટી લાભાર્થી' હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના તેમના પદનો લાભ આમ આદમી પાર્ટી દ્વારા મની લોન્ડરિંગ કરવા માટે લીધો હતો. એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને, ઈડી માટે હાજર થઈને, કેજરીવાલની રિમાન્ડ સુનાવણી દરમિયાન કોર્ટને જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનની 'વ્યકિતગત અને પરસ્પર જવાબદારી બંનેને કારણે' ધરપકડ કરવામાં આવી છે. કોર્ટમાં પ્રથમ વખત, ઈડીએ આરોપ મૂક્યો છે કે આમ આદમી પાર્ટીએ 'અરવિંદ કેજરીવાલ દ્વારા મની લોન્ડરિંગનો ગુનો કર્યો છે...'

ઈડીએ આરોપ લગાવ્યો છે કે કેજરીવાલ (૨૦૨૨) માં આમ આદમી પાર્ટીના ગોવા ચૂંટણી પ્રચારમાં અપરાધથી કમાયેલા નાણાંના ઉપયોગમાં સીધા સામેલ હતા. તેઓ પાર્ટીના કન્વીનર અને તેમાં ટોચના નિર્ણય લેનાર છે. એજન્સીએ કોર્ટને કહ્યું કે તેણે ગોવાની ચૂંટણી દરમિયાન આપની ચૂંટણી પ્રચાર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વિવિધ લોકોના નિવેદનો રેકોર્ડ કર્યા અને જાણવા મળ્યું કે સર્વેયર, એરિયા મેનેજર, એસેમ્બલી મેનેજર જેવા કામ માટે તેમને રોકડમાં ચૂકવણી કરવામાં આવી હતી. ઈડી AAPને આરોપી તરીકે સામેલ કરવાનું પણ વિચારી શકે છે.. જો આવું થાય તો તે એક મોટો ધડાકો હશે. કારણ કે ઈડી દ્વારા તપાસ હેઠળની 'કંપની' ની સંપત્તિઓ અટેચ અથવા જપ્ત કરવામાં આવી શકે છે.

## ઈડીની રીમાન્ડ પુરી થતાં સીબીઆઈ કેજરીવાલની કસ્ટડી માંગશે

નવી દિલ્હી,તા. ૨૩

દારૂ કૌભાંડમાં ફસાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ માટે મુશ્કેલી વધી શકે છે.

ઈડીની કાર્યવાહી બાદ હવે CBI પણ કેજરીવાલ સામે કાર્યવાહી ઝડપી કરી શકે છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે શુક્રવારે મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલને ૨૮ માર્ચ સુધી ઈડી કસ્ટડીમાં મોકલી દીધા છે.

અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતુ કે એકવાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ રિમાન્ડ સમાપ્ત થઈ જાય, સીબીઆઈ કેજરીવાલની કસ્ટડી મેળવવા માટે કોર્ટમાં જઈ શકે છે. CBI ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનાની તપાસ કરી રહી છે. આ કેસમાં સીઆઈએ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને અન્ય ઘણા લોકોની ધરપકડ કરી છે. પ્રિડિકેટ ગુનો એ મૂળભૂત ગુનો છે જેના આધારે ઈડી ફરિયાદ દાખલ કરે છે. આ કેસમાં ઈડીની તપાસ મની લોન્ડરિંગની છે. સીબીઆઈએ મનીષ સિસોદિયાની જામીન અરજીનો વિરોધ કરતી વખતે આ સોમવારે કોર્ટને પણ કહ્યું હતું કે દારૂ કૌભાંડમાં કેટલાક હાઈ-પ્રોફાઈલ ધરપકડ થઈ શકે છે.

### ગુજરાત ભાજપમાં ભડકો યથાવત

## વડોદરામાં રંજનબેન ભટ્ટ અને સાબરકાંઠામાં ભીખાજી ઠાકોરે ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી



વડોદરા તા. ૨૩

ગુજરાત ભાજપમાં ભડકાની સ્થિતિ યથાવત છે. વડોદરા બેઠક પરનાં ભાજપનાં ઉમેદવાર રંજનબેન ભટ્ટ અને સાબરકાંઠા બેઠક પરનાં ભાજપનાં ઉમેદવાર ભીખાજી ઠાકોરે પક્ષમાં જ પ્રચંડ આંતરીક વિરોધને પગલે ચૂંટણી લડવાની ઈનિચ્છા દર્શાવી છે જેને પગલે હવે ભાજપ નેતૃત્વને આ બંને બેઠક પર નવા ઉમેદવારની પસંદગી કરવાની રહેશે. ગુજરાતના રાજકારણની સૌથી મોટી ખબર આવી છે. વડોદરા બેઠક પર ભાજપનાં ઉમેદવાર જાહેર થયા બાદ રંજનબેન ભટ્ટ સામે ભાજપમાં જ ભારે આંતરિક વિવાદ જોવા મળ્યો હતો. રંજનબેન વિરુદ્ધ પોસ્ટર વોર પણ શરૂ થયું હતુ. ત્યારે હવે રંજનબેનની એક ટ્વિટથી વડોદરાનું રાજકારણ હચમચી ગયું છે.

રંજનબેને ચૂંટણી લડવા અનિચ્છા દર્શાવી છે. લોકસભાની ચૂંટણી માટે વડોદરાથી ભાજપના ઉમેદવાર રંજન ભટ્ટે ટ્વીટ કરીને કહ્યું કે, હું રંજનબેન ધનંજય ભટ્ટ મારા અંગત કારણોસર લોકસભા ચૂંટણી ૨૦૨૪ ની ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવુ છું.

સોશિયલ મીડિયા પર પોસ્ટથી ચૂંટણી ન લડવા ઈચ્છા વ્યક્ત કરી છે. અંગત કારણોસર ચૂંટણી ન લડવા ઈચ્છા વ્યક્ત કરી છે. પોતાની સામે ઉઠેલા વિવાદ બાદ રંજન ભટ્ટે ખુદ ચૂંટણી લડવાથી પીછેહઠ કરી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

## સમગ્ર રાજયમાં હીટવેવની આગાહી

અમદાવાદ તા. ૨૩

રાજયમાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. એમાં પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીનું પ્રમાણ વધારે છે. અહીં હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી છે. ખાસ કરીને ગીર સોમનાથમાં સીવિયર હીટ વેવની આગાહી છે. પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી અને કચ્છમાં પણ હીટવેવની આગાહી છે. રાજકોટમાં યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો છે. હીટવેવની શક્યતાના કારણે લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને બપોરના સમયે જરૂર વિના બહાર નહી નિકળવા સૂચન કરવામાં આવ્યું છે. સાથે જ જરૂર જણાય તો શાળાઓના સમયમાં ફેરફાર કરવાનું કહેવામાં આવ્યું છે.

## મોસ્કોમાં ISIS નાં આતંકી હુમલામાં ૬૦થી વધુનાં મોતથી વિશ્વવ્યાપી હાહાકાર

મોસ્કો તા. ૨૩

રશિયામાં થયેલા આતંકી હુમલાથી સમગ્ર દુનિયા હચમચી ગઈ છે. આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઓફ સિરિયા એન્ડ ઈરાકએ શુક્રવારે મોસ્કોના ક્રોક્સ કોન્સર્ટ હોલમાં થયેલા ફાયરિંગ અને બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી છે. આ ભીષણ આતંકી હુમલામાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થયા છે. જ્યારે ૧૪૫ લોકો ઘાયલ થયા છે. ISIS એ પોતાની ટેલિગ્રામ ચેનલ પર એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે અમારા લોકોએ રશિયાની રાજધાની મોસ્કોના બહારના વિસ્તારમાં આવેલા ક્રોક્સ કોન્સર્ટ હોલમાં હુમલો કર્યો. જો કે સમૂહે દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા નથી.

ક્રોક્સ સિટી હોલનો હુમલો છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયામાં થયેલો સૌથી ઘાતક હુમલો છે અને આ એવા સમયે થયું છે જ્યારે યુક્રેન રશિયા જંગ ત્રીજા વર્ષમાં પહોંચી ગઈ છે.

આ બધા વચ્ચે રશિયન મીડિયાએ આતંકવાદીઓની તસવીરો પણ બહાર પાડી છે. સ્થાનિક મીડિયાના રિપોર્ટ્સ મુજબ આતંકી હુમલાના પ્રત્યક્ષદર્શીઓના હવાલે જણાવવામાં આવ્યું કે હુમલાખોરો એશિયન અને કોકેશિયાઈ લોકો જેવા દેખાતા હતા તથા રશિયન નહીં પરંતુ વિદેશી ભાષામાં વાત કરતા હતા. રશિયન મીડિયાનો દાવો છે કે આતંકીઓ ઈન્ગુશેતિયાના મૂળ રહિશ છે. સૈન્ય યુનિફોર્મ પહેરીને આવેલા આતંકીઓએ ઈમારતમાં પ્રવેશ કર્યો અને ફાયરિંગ શરૂ કરી દીધુ. સામે જે પણ દેખાયા તેને ગોળીઓથી વિંધી નાખ્યા. ત્યારબાદ વિસ્ફોટ કર્યો. જેનાથી કોન્સર્ટ હોલમાં આગ લાગી ગઈ હતી.

જ્યારે હુમલો થયો ત્યારે ક્રોક્સ સિટી હોલમાં સોવિયેત કાળના પ્રસિદ્ધ મ્યુઝિક બેન્ડ પિકનિકનું પરફોર્મન્સ ચાલુ હતું.


હાર્દિક શુભેચ્છા...








### સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક (જૂનાગઢ આવૃતિ)

### અંક બંધ


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) ધુળેટી પર્વ નીમિતે રજા પાળતું હોય, તા. ૨૫-૩-૨૦૨૪ સોમવારનો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૨૬-૩-૨૦૨૪ મંગળવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

# બહાઉદ્દીન વિનયત કોલેજ જૂનાગઢ દ્વારા અગ્નિવીર ભરતી બાબતે જાણકારી કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૩

બહાઉદ્દીન વિનયન કોલેજ જૂનાગઢના આચાર્ય પી.વી.બારસીયાની પ્રેરણાથી MOTIVATIONAL AND AWARENESS PROGAMME FOR AGNIVEER SOLDIER ENTRIES વિષય ઉપર GOOGLEMEETના માધ્યમથી તા. ૨૧/૩/૨૦૨૪ના રોજ બપોરે ૨:૪૫ કલાકે એક ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. પ્રસ્તુત કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત તરીકે જામનગર AROના ઓફીસર વિક્રાંત તનવર દ્વારા અગ્નીવીર ભરતી અને સૈન્ય જીવનની ઝલક વિષે તલસ્પર્શી રજૂઆત કરવામાં આવી. જેમાં ઓપરેશનલ અનુભવો અને સૈન્યમાં પૂરી પાડવામાં આવતી સુવિધાઓનો, અગ્નિવીર ભરતીની મુખ્ય વિશેષતાઓ, અગ્નિવીર પ્રવેશ પાત્રતા માપદંડ જેમાં ઉંમર, ભૌતિક પરિમાણો અને શિક્ષણ લાયકાત, NCC અને રમતગમત પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારો માટે બોનસ ગુણ, અગ્નિવીર ભરતીનો તબક્કો ૧ અને ૨ પ્રક્રિયાઓ, પાછલા વર્ષથી અગ્નિવીર Clk અને SKT માટે ટાઈપિંગ ટેસ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે, JIA પર નોંધણી પ્રક્રિયા, JIA સાઈટ પર સંબંધિત ટ્યુટોરિયલ વિડિયો અને પ્રેકિટસ માટે ઓનલાઈન CEEનો નમૂનો, JIA પર નોંધણી કરતી વખતે અનુસરવામાં આવતી સાવચેતીઓ અને સંભવિત છેતરપિડી વિશે જાગૃતિ, અગ્નિવીર માટે ચૂકવણી અને ભથ્થાં, Rk અને પ્રમોશન, ભારતીય સેનામાં નિયમિત પ્રવેશ જેવા વિવિધ વિષયોને આવરી લેવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષ કારક જવાબ ઓફીસર વિક્રાંત તનવર સાહેબ દ્વારા આપવામાં આવ્યાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અત્રેની કોલેજના NCC NAVAL ઓફિસર લેફટનન્ટ ડો.દિના લોઢીયા દ્વારા કરવામાં આવ્યું હતું.


OFFICERS ENTRY : TYPES & ELIGIBILITY CRITERIA

| COURSE/ENTRY (TRAINING ACADEMY) | ELIGIBILITY CRITERIA | |
|---|---|---|
| | AGE | QUALIFICATION |
| NDA (BOYS & GIRLS ) | 16 ½ TO 19 ½ YRS | 12TH CLASS & QUALIFY UPSC EXAM (ALL INDIA LEVEL) |
| 10 + 2 TES | 16 ½ TO 19 ½ YRS | 10 + 2 PCM WITH 60% & QUALIFY JEE (MAINS) |
| IMA (DE) | 19 TO 24 YRS | GRADUATE FROM RECOGNIZED UNIVERSITY |
| SSC(NT) (BOYS & GIRLS ) | 19 TO 25 YRS | QUALIFY UPSC EXAM (ALL INDIA LEVEL) |

| COURSE/ENTRY (TRAINING ACADEMY) | ELIGIBILITY CRITERIA | |
|---|---|---|
| | AGE | QUALIFICATION |
| NCC(SPL ENTRY) (BOYS & GIRLS ) (OTA CHENNAI) | 19 TO 25 YRS | GRADUATE WITH 50% & NCC 'C' CERTIFICATE (GRADE A/B) |
| SSC(JAG) (BOYS & GIRLS ) (OTA CHENNAI) | 21 TO 27 YRS | 55% AGGREGATE MARKS IN LLB DEGREE WITH CLAT (PG) EXAM AND ELIGIBLE TO ENROLL AS ADVOCATE |
| TGC (IMA, DEHRADUN) | 20 TO 27 YRS | BE/B TECH IN NOTIFIED STREAMS |
| SSC(TECH) (BOYS & GIRLS ) (OTA, CHENNAI) | | BE/B TECH IN NOTIFIED STREAMS |

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે સોમવારે પૂનમની ઉજવણી થશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે સોમવારે પૂનમની ભાવભરે ઉજવણી થશે. સવારથી જ ધ્વજારોહણ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે અને પૂનમ ભરતા ભાવિકો સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દર્શને આવશે અને પ્રસાદ ધરાવાશે. ચેરમેન શ્રી પૂ. દેવનંદનદાસ તથા મહંત શાસ્ત્રી સ્વામિ પ્રેમસ્વરૂપદાસજી તેમજ પી.પી. સ્વામિ સહિતના સંતો અને ટ્રસ્ટીઓ તેમજ સેવકગણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી હોવાનું પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયાના આહિર અગ્રણી એભાભાઈ કરમુરની કોંગ્રેસને અલવિદા : ભાજપમાં જોડાય તેવી શક્યતા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

ખંભાળિયાના પીઢ કોંગ્રેસી આગેવાની તેમજ જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય એભાભાઈ કરમુરે ગઈકાલે શુક્રવારે કોંગ્રેસમાંથી સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી દીધું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોંગ્રેસમાં સોંપો પડી ગયો છે.

આહિર જ્ઞાતિના પીઢ અગ્રણી એભાભાઈ કરમુરે વર્ષ ૧૯૯૫ થી સક્રિય રીતે કોંગ્રેસમાં તેમની કામગીરી શરૂ કરી હતી. તેઓ જિલ્લા પંચાયતમાં ચાર વખત ચૂંટણી લડીને ત્રણ વખત ભાજપ સામે વિજેતા બન્યા હતા. છેલ્લા આશરે અઢી દાયકાથી તેઓ માર્કેટિંગ યાર્ડના ડાયરેક્ટર તેમજ અને સહકારી અને શૈક્ષણિક સંસ્થાના હોદ્દેદાર છે. "પરિશ્રમ ગ્રુપ" વારા એભાભાઈ કરમુર વેપારીઓ ક્ષેત્રમાં પણ સારું એવું નામ ધરાવે છે.

૧૯૯૫ માં તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરનારા એભાભાઈ કરમુર પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમના અંગત વિશ્વાસુ છે. વર્ષ ૨૦૧૨માં તેઓ તત્કાલીન ધારાસભ્ય અને વર્તમાન સાંસદ પૂનમબેન માડમ સામે વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા.

તેમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપતા જણાવ્યું હતું કે "કોંગ્રેસની દુકાન બંધ થઈ રહી છે અને લોકો કોંગ્રેસને ઈચ્છતા નથી. ત્યારે પ્રજાલક્ષી કાર્યો કરવા હવે કઠિન જણાય છે. રાજ્યકક્ષાએ કોંગ્રેસના પાયાના કાર્યકર અર્જુનભાઈ મોઢવાડિયા જેવા મજબૂત ધારાસભ્યો વિગેરે પણ હવે પક્ષ છોડી રહ્યા છે. જેથી મેં પણ રાજીનામું આપ્યું છે. કોંગ્રેસના મોવડી મંડળ પ્રત્યે મને કોઈ અસંતોષ કે રાગદ્વેષ નથી." તેઓએ ભાજપમાં જોડાવાના છે કે કેમ તે પ્રશ્નનો પ્રત્યુતર આપતા જણાવ્યું હતું કે મારા સાથી ટેકેદારો, કાર્યકરો અને વિશ્વાસુઓ સાથેની ચર્ચા વિચારણા તેમજ તેમના મંતવ્ય બાદ ભાજપમાં જોડાવાનું તેઓ નક્કી કરશે તેમ વધુમાં ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકાના પીઢ કોંગી આહીર અગ્રણી મુળુભાઈ કંડોરીયાના કોંગ્રેસમાંથી રાજીનામા બાદ વધુ એક કોંગી આગેવાને કોંગ્રેસને રામ રામ કહેતા હવે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ કોંગ્રેસના પાયા હવે ડગમગી રહ્યા છે.



# દ્વારકા આવતા પદયાત્રીઓની સાથે ૧૨ સાયકલ યાત્રીઓ પણ દર્શને પહોંચ્યા

## થાણા ભીવંડીથી ૯૦૦ જેટલા કિલો મીટર કાપી આજે દ્વારકા દર્શન કરી ધન્યતા અનુભવી





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

હાલ હોળી ફુલડોલ ઉત્સવના તહેવાર અનુસંધાને લાખો પદયાત્રીઓ દ્વારકા દર્શને આવી રહ્યા છે.ત્યારે મૂળ ખંભાળીયા નાં અને હાલ થાણાનાં ભીવંડીથી ૧૨ સાયકલ યાત્રીઓ આજે નવમાં દિવસે દ્વારકા જગત મંદિરે દર્શને પહોંચ્યા હતા દ્વારકાધીશ ભગવાન સાથે રંગે રમી ધન્યતા અનુભવી હતી ઉલ્લેખનીય છે કે આ ૧૨ સાયકલ યાત્રીઓ સતવારા સમાજમાંથી આવે છે.અને પદયાત્રીઓ જેમ જ આ સાયકલ વિરો ને ઠેર ઠેર સન્માન મળ્યું હતું. અને ૯૦૦ જેટલા કિ.મી કાપી આ યુવાનો ભગવાન સાથે હોળી રમવા સતત બીજા વર્ષે દ્વારકા આવ્યા હતા અને દરરોજનાં ૧૧૦ કિલો મીટર કાપી સાયકલ ચલાવતા ચલાવતા તેઓ દ્વારકા પહોંચ્યા હતા.

# નંદાણા નજીક બોલેરો વાન રોડ પરથી ઉતરી જતા મુસાફરો ઈજાગ્રસ્ત



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૩

કલ્યાણપુરના ગ્રામ્ય વિસ્તારમાં એક બોલેરો પીકઅપ વાન રસ્તા પરથી નીચે ઉતરી જતા તેમાં જઈ રહેલા ૮ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામ્યા હતી.આ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામેથી રાજકોટ પાસિંગની એક બોલેરો પીકઅપ વાન મુસાફરોને લઈને જઈ રહી હતી, ત્યારે કોઈ કારણોસર આ બોલેરો રોડની નીચે ઉતરી જવા પામી હતી. જેના કારણે આ બોલેરોમાં જઈ રહેલા આઠ જેટલા વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ સાથે ઈમર્જન્સી ૧૦૮ વાહન મારફતે અહીંની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓને જરૂરી સારવાર આપવામાં આવી હતી. સદભાગ્યે મોટી જાનહાની થતા અટકી હતી.

# પ્રભાસ-પાટણ સોમનાથ સરકારી દવાખાનામાં ૨૪ કલાકમાં ૧૨ ડીલીવરી

## પ્રભાસ જેવા નાના સેન્ટરમાં મોટી વિક્રમ રેકોર્ડ બ્રેક સલામતી-કાળજીપુર્વક ડોકટર દ્વારા કરાવાઈ પ્રસુતી : ૧૨માં ૧૦ દિકરા અને ૨ લક્ષ્મીજીની પધરામણી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

સોમનાથ-પ્રભાસ-પાટણ સામુહિક આરોગ્ય કેન્દ્ર-દવાખાનામાં ૨૪ કલાકમાં ૧૨ સંતાનોની કાળજી અને સલામતીપુર્વક પ્રસુતા ડીલીવરી ગાયનેક ડોકટર નયન કછોટ દ્વારા કરાવાઈ હતી.

જેમાં ૧૦ દિકરા અને ૨ દિકરીનો સમાવેશ થાય છે. પ્રભાસ જેવા નાના સેન્ટરમાં આ વિક્રમજનક રેકોર્ડ બ્રેક ઘટના છે. સામાન્ય રીતે દર મહિને ૮૦ જેટલી પ્રસુતી થતી હોય છે. એટલે કે રોજના ત્રણ કે બે થતી હોય છે. આ આરોગ્ય કેન્દ્રમાં ખરેખર ત્રણ ડોકટરની જગ્યા છે પરંતુ હાલ માત્ર એક જ ડોકટર છે જે ઓપીડી, પોષ્ટમોર્ટમ, એમએલસી, મીટીંગો જેમાં કાર્યરત રહે છે. કુશળ અને સફળ પ્રસુતા ડીલીવરી કરાવનાર ડોકટર ૩૧ માર્ચે બોન્ડ કરાર પુરો થતો હોઈ વિદાય લેશે જો શકય હોય તો તેની મુદત વધારવા અને અન્ય સ્ટાફની ભરતી કરી પુરો સેટઅપ મેડીકલ સ્ટાફ કાર્યરત કરવો જરૂરી છે. આ મછતાં એક સ્ટાફે પણ ડો. નયન કછોટે સારી કામગીરી કરી બતાવી આરોગ્ય તંત્રનું ગૌરવ વધાર્યું છે.

# દ્વારકા અને બેટ દ્વારકામાં ફૂલડોલ ઉત્સવ અનુસંધાને ૧૧૦૦ જેટલા પોલીસ સુરક્ષા કર્મીઓનો જમાવડો

## આગામી ૨૫ માર્ચ સુધી જિલ્લા પોલીસ તંત્ર એલર્ટ સ્થિતિમાં



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

આગામી ૨૫ માર્ચ સુધી દ્વારકા અને બેટ દ્વારકામાં ફૂલ ડોલ ઉત્સવ ઉજવવા મોટી સંખ્યામાં પદયાત્રીઓ આવી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ તંત્ર એલર્ટ સ્થિતિમાં આવતા આજથી ૧ એસપી, ૬ ડીવાયએસપી, પીઆઈ-પીએસઆઈ ૭૦ અને ટોટલ૧૧૦૦ સુરક્ષા કર્મીઓ ગોઠવી દેવામાં આવ્યા છે. ત્યારે પોલીસ દ્વારા બે શી ટીમ પણ વૃદ્ધ યાત્રીઓ અને અશકત લોકો તથા દિવ્યાંગ લોકો માટે બનાવવામાં આવી છે. આગામી ૨૫નાં બપોરે ૨ વાગ્યે દ્વારકાધીશ જગતમંદિરમાં ફૂલડોલ ઉત્સવની ઉજવણીમાં ભાવિક ભક્તો, પદયાત્રીઓ ભગવાન અને પૂજારી સાથે હોળી ઉત્સવમાં રંગે રમી ભક્તિની પરાકાષ્ટાએ પહોંચશે. ત્યારે સમગ્ર જિલ્લા તંત્ર સાથે જિલ્લા પોલીસ તંત્ર પણ એલર્ટ બન્યું છે જેની માહિતી એસપી નિતેશ પાંડેએ પત્રકારોને આપી


**પ્લોટ વેચાવ છે**
૨૧૨ વાર જગ્યા
કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

**ટેનામેન્ટ વેંચવાનું છે**
જૂનાગઢમાં ગાંધીગ્રામમાં રોડ ઉપરનું કોર્નર સાઈઝ જેમાં ૪ રૂમ, રસોડુ, પાછળ ફળીયાવાળુ ટેનામેન્ટ વેંચવાનું છે
: કોન્ટેક :
મો. ૯૫૩૭૯ ૯૪૧૮૫
પ્રવિણભાઈ જોષી

**ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૨૫૧૨૩
પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ


**ગજાનન આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ખાતે

# રાધારમણદેવ વહીવટી સમિતિની ચુંટણીમાં તમામ વિભાગ બિનહરીફ જાહેર : હરીભકતોમાં આનંદની લાગણી

### સંતો તેમજ હરીભકતોમાં અપાર ચાહના ધરાવતા કોઠારીસ્વામિ પુરૂષોતમપ્રકાશદાસજી (પી.પી.સ્વામિ) સંત વિભાગમાં બિનહરીફ થતા શુભેચ્છાઓ પાઠવાઈ





જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ શહેરમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે રાધારમણદેવ વહીવટી સમિતિની ચુંટણીમાં વિવિધ વિભાગો બિનહરીફ થયા હતા ખાસ કરીને સંત વિભાગમાં કોઠારી સ્વામિ પુરૂષોતમપ્રકાશદાસજી (પી.પી.સ્વામિ) સૌ પ્રથમવાર દાવેદારી કરી હોય અને તેઓ પણ બિનહરીફ થતા આનંદની લાગણી હરીભકતોમાં ઉઠવા પામી છે. પી.પી. સ્વામિ તરીકે સંતો અને હરભકતોમાં જાણીતા કોઠારી સ્વામિપુરૂષોતમપ્રકાશદાસજીએ ચેરમેન સ્વામિ દેવનંદનદાસજી તથા કોઠારી શ્રી પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન સાથે અનેક સેવાકીય કાર્યો, ધાર્મિક કાર્યો અને વિકાસશીલ કાર્યોથી ખુબજ લાગણી અને આદર ભર્યું સ્થાન હરીભકતોમાં પ્રાપ્ત કર્યું છે. નિસ્વાર્થભાવે અને નિખાલસ રીતે સતત કાર્ય કરતા રહેવું તે તેમનો જીવન મંત્ર છે. દરમ્યાન ચુંટાયેલા સંતો તેમજ સભ્યોને આવકારી અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ભાવિકોને માટે આસ્થાનું કેન્દ્ર છે. ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો અહીં ભકતજનોની મનોકામના પૂર્ણ કરે છે અને નિત્ય દર્શનાર્થે આવતા ભાવિકો, હરીભકતોનો પ્રવાહ સતત વહેતો રહે છે. આ ઉપરાંત ધાર્મિક કાર્યો, સેવાકીય કાર્યો પણ ઉમદારીતે કરવામાં આવી રહ્યા છે. વિકાસની પ્રક્રિયા પણ નિરંતર ચાલ્યા રાખે છે અને સુંદર વહીવટ સાથે ભકતજનોમાં અપાર ચાહના મેળવી રહેલા સંતો દ્વારા અનેક વિકાસના કાર્યો હાથ ધરાયા છે ત્યારે તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર રાધારમણદેવ વહીવટી સમિતિની યોજાયેલી ચુંટણીમાં તમામ વિભાગ બિનહરીફ જાહેર થયા છે અને જેને લઈને આખુ બોર્ડ ચુટાઈ આવતા સંતો અને હરીભકતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર શ્રી સ્વામિનારાયણ મંદિર રાધારમણદેવ વહીવટી સમિતિની ચુંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થયેલ જેમાં ત્યાગી તથા ગૃહસ્થ વિભાગમાં ૨૯ જેટલા ઉમેદવારોના ફોર્મ માન્ય થયેલ હતા. હાલમાં જૂનાગઢ મુખ્ય મંદિરમાં વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આર્શિવાદથી ચેરમેન સ્વામી દેવનંદનદાસજીના માર્ગદર્શનમાં ટ્રસ્ટી પ્રેમસ્વરૂપદાસજી (વંથલી), હીરેનભગત, બોર્ડ સલાહકાર પૂ. ભાનુપ્રકાશદાસજી-ગઢડા, બોર્ડ સલાહકાર પૂ. બાલમુકુંદદાસજી સ્વામી - સરધાર, તથા વાઈસ ચેરમેન પ.ભ. રાજેશભાઈ જયંતીભાઈ માંગરોળીયા તથા ટ્રસ્ટીઓ પુનમભાઈ પડશાળા, નટુભાઈ બોરીસાગર, બળવંતભાઈ ધામી તથા વિવેકભાઈ ગોહેલ વગેરે ટ્રસ્ટી મંડળ દ્વારા અનેક વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. જેમાં મુખ્ય મંદિરનો જીણોદ્ધાર તેમજ આરસથી મઢવાનું કામ, મુખ્ય પ્રવેશદ્વારનું નિર્માણ, નુતન ભોજનાલય નિર્માણ કાર્ય, હરિભક્તોના ઉતારાનુ સમારકામ તેમજ સંસ્થાની જમીન સંપાદન કરવાના અનેક કાર્યો ચાલી રહ્યા છે. તેમજ કોરોના મહામારી દરમ્યાન આઈસોલેશન સેન્ટર દ્વારા સમાજ સેવા તથા વાવાઝોડા અને પુરના પ્રકોપ દરમ્યાન મંદિર તરફથી અનેક સામાજીક સેવાઓ કરવામાં આવેલ હતી આ વિકાસ કાર્યો અને સેવાને ધ્યાને લઈ સમસ્ત ત્યાગી તેમજ ગૃહસ્થ વિભાગના તમામ ઉમેદવારોએ સ્વેચ્છાએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા સંપુર્ણ બોર્ડ બીનહરીફ જાહેર થયેલ છે અને ચેરમેનશ્રી કો.સ્વા.દેવનંદનદાસજીના માર્ગદર્શનમાં સમસ્ત સંત તથા સત્સંગ સમાજે પોતાનો વિશ્વાસ વ્યકત કર્યો છે. વાદ નહી વિવાદ નહી વિકાસ સિવાઈ બીજી વાત નહી. આ સુત્રને ધ્યાનમાં લઈ સંત વિભાગમાં કોઠારી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી), સ્વામી રાધારમણદાસજી તથા પાર્ષદ વિભાગમાં પાર્ષદ હીરેનભગતજી, ગૃહસ્થ વિભાગમાં પુનમભાઈ પ્રાગજીભાઈ પડશાળા, નટવરલાલ કરશનજી બોરીસાગર, બળવંતભાઈ જીણાભાઈ ધામી તથા વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલ સહીત કુલ સાત સભ્યો સાથે સંપુર્ણ બોર્ડ બીનહરીફ જાહેર થતા સર્વત્ર ખુશીની લહેર ફરી વળી છે. અને સૌએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી છે. તેમ મંદિરના મુખ્ય કોઠારીશ્રી શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢ) વાળા તથા શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજીની યાદીમાં જણાવાયુ છે.

# જીલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાની દેખરેખમાં પ્રથમ રેન્ડમાઇઝેશન પૂર્ણ

### અધિકારી-કર્માચરીઓની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ



જૂનાગઢ,તા. ૨૩

જૂનાગઢ જિલ્લામાં આગામી તા.૭ મે ના રોજ લોકસભા ચૂંટણી અન્વયે મતદાન યોજાનાર છે. ત્યારે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ રાણાવસિયાની દેખરેખમાં પ્રથમ રેન્ડમાઈઝેશન પૂર્ણ કરાયું છે. આ કોમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશનમાં ૩૮૭૪ જેટલા અધિકારી-કર્મચારીની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ છે.

કલેક્ટર કચેરી ખાતે આ રેન્ડમાઈઝેશનમાં ૩૮૭૪ અધિકારીઓ- કર્મચારીઓની ચૂંટણી ફરજ નક્કી કરવામાં આવી છે. આગામી દિવસોમાં યોજાનાર બીજા રેન્ડમાઈઝેશનમાં સ્ટાફને વિધાનસભા વિસ્તાર અને ત્રીજા રેન્ડમાઈઝેશનમાં બુથની ફાળવણી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે,સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને તટસ્થ રીતે થાય તે માટે માનવીય હસ્તક્ષેપ વગર કોમ્પ્યુટર સિસ્ટમના આધારે અધિકારી-કર્મચારીઓને ફરજ સોંપણી કરવામાં આવે છે. આ તકે નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરી,નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી જય પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના ૧૪૭૩૬ વરિષ્ઠ અને ૧૨૯૩૫ દિવ્યાંગ મતદારોને ઘર બેઠા મતદાન કરવાની સવલત અપાશે

### એક પણ મતદાતા મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહે તે માટે ચૂંટણી તંત્રની પ્રતિબદ્ધતા

જૂનાગઢ, તા.૨૩

એક પણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે તેવી ભારતના ચૂંટણી પંચના નેમ છે. તેને સાર્થક કરવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા ચૂંટણી તંત્ર કામ કરી રહ્યું છે,ત્યારે ચૂંટણી પંચના નિર્દેશાનુસાર જિલ્લાના ૫ વિધાનસભા મત વિસ્તારના ૮૫ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટીઝન અને દિવ્યાંગ મતદારોને ઘર બેઠા વોટ કરવા માટેની સવલત આપવામાં આવશે.

જિલ્લાની પાંચ વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ ઉંમરના ૧૪૭૩૬ વરિષ્ઠ અને ૧૨૯૩૫ દિવ્યાંગ મતદારો છે, એટલે આમ, કુલ - ૨૭૬૭૧ મતદારોને ઘરે બેઠા મતદાન કરવાની સુવિધા આપવામાં આવશે.

આ મતદારોને મત આપવાની નોમિનેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શરૂ કરવામાં આવશે. આ માટે મદદનીશ ચૂંટણી અધિકારીની સુચના મુજબ BLO સહિતનો સ્ટાફ ડોર ટુ ડોર જઈ આ વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારો કે, જે મતદાન મથક પર મત આપવા ઈચ્છતા નથી અને ઘરે બેઠા જ વોટ કરવા માંગે છે તેમની પાસેથી ૧૨-ઙ ફોર્મ ભરવાની સહિત અન્ય જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરશે. પછીના તબક્કામાં આ વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારો પાસેથી મતપત્ર દ્વારા મત લેવામાં આવશે. આ માટે મતની ગુપ્તતા જળવાઈ રહે તે માટે મતકુટીર પણ ઉક્ત મતદાતાઓ સુધી લઈ જવામાં આવશે અને મત આપવાની પ્રક્રિયાની વિડીયોગ્રાફી પણ કરવામાં આવશે.

આમ,દેશનો એક પણ નાગરિક મત અધિકારના ઉપયોગ થી વંચિતના રહે તેવી પ્રતિબદ્ધતા સાથે ભારતીય ચૂંટણી પંચ અને ચૂંટણી તંત્ર કામ કરી રહ્યું છે.

**જાણો કંઈ વિધાનસભા બેઠકમાં કેટલા વરિષ્ઠ અને દિવ્યાંગ મતદાર છે**

૮૫-માણાવદરમાં દિવ્યાંગ ૨૪૧૮ અને વરિષ્ઠ ૨૭૬૦, ૮૬-જૂનાગઢમાં દિવ્યાંગ ૪૭૦૯ અને વરિષ્ઠ ૩૧૫૫ ૮૭-વિસાવદરમાં દિવ્યાંગ ૨૧૮૮ અને વરિષ્ઠ ૩૩૭૭, ૮૮-કેશોદમાં દિવ્યાંગ ૨૦૮૬ અને વરિષ્ઠ ૨૬૩૩, અને ૮૯-માંગરોળમાં દિવ્યાંગ ૧૫૩૪ અને વરિષ્ઠ ૨૮૧૧ મતદાર છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ શાપુર દ્વારા પંચકુડી યજ્ઞનું આયોજન

જૂનાગઢ, તા.૨૩

સમસ્ત બ્રહ્મ સમાજ શાપુર દ્વારા આગામી તારીખ ૭ /૪/ ૨૦૨૪ ના રોજ બ્રહ્મ સમાજના પ્લોટ પાવર હાઉસ ખાતે પંચકુંડી યજ્ઞનું આયોજન કરેલ હોય જેમાં યજમાન પદ તરીકે લાભ લેવા માગતા બ્રહ્મ સમાજના વ્યક્તિઓએ દિન બેની અંદર પ્રમુખ વિનુભાઈ ભટ્ટનો સંપર્ક કરવો. મુખ્ય યજમાન પદ માટે રૂપિયા ૫૧૦૦ તેમજ અન્ય યજમાન પદ માટે રૂપિયા ૨૫૦૦ નક્કી કરેલ હોય તે સંદર્ભે સમસ્ત બ્રહ્મ સમાજ શાપુર યાદી જણાવે છે.

# જૂનાગઢમાં રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા હોળી રસીયાનો કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢમાં તા.૨૧-૦૩-૨૦૨૪ને ગુરૂવારના રોજ રેડક્રોસ હોલ ખાતે સાંજે ૫:૦૦ વાગ્યે હોળી રસીયાનો ધમાકેદાર કાર્યક્રમ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી દ્વારા યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત ગોપી મંડળ દ્વારા હોળીના રસિયા ગાઈને કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો ડ્રેસ કોડ હોળીના અનુરૂપ પીળો રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ રશ્મિબેન વિઠલાણીની હોનહાર ટીમ દ્વારા એક સુંદર કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં સમગ્ર ભારતમાં અલગ અલગ રીતે હોળી ઉજવાય છે તેની સુંદર રીતે રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૦ મહિલાઓ ભાગ લીધેલો. દરેકને રઘુવંશી સખી શહેર વૃંદ દ્વારા આકર્ષક ઈનામો આપવામાં આવ્યા. કાર્યક્રમમાં અંદાજે ૩૦૦ જેટલા સભ્યો હાજર રહેલા. સૌ કોઈ હોળીના રંગમાં રંગાઈ ગયા હતા. જેમાં કાનગોપી બનેલા નાના બાળકોએ કાર્યક્રમની શોભા વધારી હતી. જેમાં માનુશી રાજા, પ્રાંશી રાજા, ખુશી રાજાણી, ધૃતિ સાંગાણી, દેવમ રૂપારેલીયા વગેરે બાળકોએ ભાગ લીધેલ. તેમજ તબલા વાદક અભિનવ દત્તા એ ભાગ લીધેલો. દરેકને સંસ્થા તરફથી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવેલ. વેલકમ ડ્રીંકમાં પાઈનેપલ શરબત તેમજ ત્યાર બાદ હોળીનો પ્રસાદ તેમજ સમોસાનો અલ્પાહાર લઈ સૌ કોઈ છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રીમતી ભાવનાબેન અઢિયા, શ્રીમતી કનકબેન રૂપારેલીયા, શ્રીમતી દક્ષાબેન રાજપોપટ, શ્રીમતી વીણાબેન બદીયાણી, શ્રીમતી પ્રફુલાબેન ઠકરાર, રેખાબેન ગોટેચા તથા શ્રીમતી સ્વાતિબેન મિશ્રાણી તથા પ્રતિકભાઈ મિશ્રાણી એ પોતાનું મહત્વનું યોગદાન આપેલું.આ સમગ્ર કાર્યક્રમનું એનકરિંગ સીએ ઉર્વી કોટેચા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીનું શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. જલારામ રઘુવંશી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન સાંગાણી શ્રીમતી મીનાબેન પરપડા નારી શક્તિ મહિલા મંડળના પ્રમુખ પારૂલબેન સૂચક કોર્પોરેટર સરલાબેન સોઢા, કિરણબેન સોલંકી, લાફિંગ પરિવારના સભ્યો વગેરે એ હાજરી આપેલ હતી. રેડ ક્રોસની સુંદર વ્યવસ્થા માટે આભાર દર્શન કરવામાં આવ્યું તેમજ નવા વેવાઈ જીવાણી પરિવાર એ પણ હાજરી આપી અમારો ઉત્સાહ વધાર્યો હતો.

# સંસ્કૃતિ સંસ્કરનું જતન કરતો ઉત્સવ : હુતાસણી





ફાગણ સુદ પુનમના દિવસે હોલીકાત્સવ મનાવવામાં આવે છે. તે દિવસે લોકો થોડા મુકત મને વિહરે છે. સભ્યતાના ભારેખમ બંધનોને આઘા રાખી માનવ થોડો હળવો થવા પ્રયત્ન કરે છે. અતિ બંધનોથી અકળયેલા મનવ અતિ કઠોર બનવનો પ્રયત્ન કરે તો બીજા પ્રકારની આફતને નોતરે છ. કડક શિસ્ત અને શિથીલ સ્વરાચારની વચ્ચેનું મધ્યમ બિંદુ જે શોધી શકે તે હોળીન ઉત્સવને મનભર માણી શકે છે.

હોળીનો ઉત્સવ એટલે વસંતને વધારતો ઉત્સવ પરંતુ વસંતના વૈભવમં સંયમનું સુત્ર ભુલાવું જોઈએ નહી. હોળીના ઉત્સવની પાછળ રહેલી કથા પણ ખુબજ પ્રસિધ્ધ છે. શ્રીમદ ભાગવતમાં પણ તેના ઉલ્લેખ થયેલો છે તે કથા આ પ્રમાણે છે. હિરણ્યાકશ્યપ નામ એક રાક્ષસ હતો તેન સર્વત્ર હિરણ એટલે કે સોનું થાય તેને બધે સોનં જ દેખાતું. ભાગે જ એમના જીવનની પ્રધાન ભાવ હતો. રાક્ષસ એટલે ખાઓ પીઓ અને મજ કરો એવી મનોવૃતિનો ભાવી ભોગી, સ્વાર્થી, સ્વાર્થ સિવાય ડગલું ભરે નહીં આ રાજાએ લોકોના જીવન ાગણી તરફ તેણે સદંતર દુર્લક્ષ્ય સેવ્યું. પોતાની જાતને ઈશ્વર સમજનાર બીજા ઈશ્વરનો કયાંથી સ્વીકાર કરે ?.

કમળમાં કાદવની માફક તેને ત્યાં ભગવત પરાયણી પ્રહલાદ જેવા પરમ ભગવદિયા પુત્ર જન્મ્યા. પ્રહલાદ યારે માતા કયાધુના ગર્ભમં હતા ત્યારે તેની માતા કયાધુ નારદજીના આશ્રમમાં રહી હતી. ત્યારે ત્યાંના સંસ્કારોની અસર બાળક પ્રહલાદ ઉપર પડી હતી અને આજ આપણા ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે.

પ્રહલાદનું અંતઃકરણ ભગવત ભકિતથી ભરેલું અને ઓમ નમો ભગવતે વાસુદેવાય નમઃ આ તમના જીવન મંત્ર તેના પતિરૈ તાના બદુવરનરયર અનાનક પ્રયત્નો કર્યા. પરંતુ અડગ નિષ્ઠા, શ્રધ્ધાના કારણે તેના પિતાના પ્રયત્નો સફળ ન બન્યા. છેવટે તેમણે મારવાના ડરાવવાના અથાગ પ્રયત્નો કર્યા પરંતુ નિસ્ફળ રહ્યા છે. છેલ્લા તેને જીવતો જ અગ્નીમાં બાળી મુકવો, પ્રહલાદ અગ્નીમાંથી ઉઠીને ભાગી ન જાય તે માટે તેની ફોઈના ખોળામાં બેસાડવો. હિરણ્યકશ્યપની બહેન હોલીકાને વરદાન હતું કે જો તેઓ રાક્ષવૃતિના માનવને કનડે નહીં તો અગ્ની તેને બાળશે નહીં, પોતાના ભાઈના આગ્રહને વશ થઈને હોલીકાએ પ્રહલાદને ખોળામાં લઈ અગ્નીમાં બેસવાનું કબુલ્યું. માતા કયાધુના વિલાપ પ્રહલાદની ઈશ્વર પ્રત્યેની ભકિત, શ્રધ્ધા, નિષ્ઠા પોતાના બાળકની શકિતનો પરીચય નહોતો. માતૃપ્રેમના કારણે તેઓ હિરણ્યકશ્પ જેવા રાક્ષસી વિચાર ધરાવતો પતીની વૃતિ તેઓ પણ પ્રભુ ભકિત પ્રાર્થના ભગવાનને પોતાના બાળકને બચાવવા કરે છે. અસદવૃતિનું પરીણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. હોલીકા બળી ભસ્મ થઈ તેની ચુંદડી પ્રહલાદ ઉપર ઢંકાઈ ગઈને પ્રહલાદ હસતો રમતો બહાર આવ્યો. જગતમાં સદગૃતિના લોકો અલ્પ સંખ્યામાં હોય છે. પરંતુ તેઓ સનિષ્ઠ, પ્રભુનિષ્ઠ હોય તો તેને અસદવૃતિ પણ તેને ગ્રીસી શકતી નથી. આવો અનુપમ સંદેશ હોળીનો ઉત્સવ આપણને આપે છે.

હવે પ્રશ્ન તે રહ્યો હોલીકાનું પુજન શા માટે કરીએ છીએ ? જે હોલીકા એ પ્રહલાદ જેવા ભકતને બાળવાનો પ્રયાસ કર્યો તે હોલીકાનું પુજન ? તેના પુજન પાછળ બીજી એક વાતનું સ્મરણ કરે છે જે દિવસે હોલીકા પ્રહલાદને લઈને અગ્નીમાં બેસવાની હતી તે દિવસે નગરના સદગૃતિના લોકોએ ઘર ઘરમાં અગ્ની પ્રગટાવીને પ્રહલાદનો ન બાળવા અગ્નીદેવને પ્રાર્થના કરી હતી. લોકહૃદયને પ્રહલાદે જીતી લીધુ હતું તે આ ઘટના પછી ખબર પડે છે. અગ્નીદેવે પ્રાર્થના સ્વીકારી લોકોએ ઈચ્છયું હતું તેવું પ્રહલાદને નરશ્રેષ્ઠ બન્યો. લોકોની પ્રાર્થના અને પ્રહલાદનો બચાવની ચર્ચા ચાલુ થયેલ. ઘર ઘરની અગ્નીપુજાએ કાળક્રમે સામુદાયીક પૂજાનું સ્વરૂપ લીધું. તેમાંથી ચોરેચોરે ચાલતી રહેલી હોલીકા પુજા શરૂ થઈ. અત્યારે પણ ગામડાઓમાં બ્રાહ્મણો દ્વારા હાથજોડ કરાવી નાળીયેર વધારાય છે. સદવૃતીના રક્ષણ માટે લોકહૃદયમાં રહેતી શુભ ભાવનાનું પ્રતિક છે. તેથી હોળી ઉત્સવ ઉજવાય છે.

પછી હિરણ્યકશ્યપ પ્રહલાદને મારવા થાંભલો લાલ ચોળી કરી તેમાં બાથ ભિડાવી મારવા માટે કહ્યું તેમાંથી ભગવાન નરસિંહ પ્રગટ થયા. હિરણ્યકશ્યપને વરદાન હતું તેનું મૃત્યુ નર કે પશુ, ઘરમાં કે બહાર, રાત્રે કે દિવસે ન થાય ત્યારે ભગવાન નરસિંહ રૂપે પ્રગટ થઈ તેને તેના ઘરના ઉમરામાં રાખી માર્યો. લોકો જાગૃતી અને લોક સંગઠન પાસે દુષ્ટવૃતીનો પરાજય થાય છે. ઉત્સવ જીવનનો રંગીન બનાવતા સંસ્કૃતિ,-સંસ્કારનું જતન કરતો સામાજમાં રહેલ અસદગૃતિને બાળવાનો સંદેશ આપનારો ઉત્સવ છે.

**- નરેશ પુરોહીત (મેંદરડા)**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દવા કંપનીઓ અને ડોકટરોની મીલીભગતને અટકાવવી જ પડશે

ભારત સરકારે દવા કંપનીઓ દ્વારા ડોક્ટરો અને સ્વાસ્થ્યકર્મીઓ કે તેમના પરિવારોને વ્યક્તિગત લાભ ઉપલબ્ધ કરાવવાની પ્રવૃત્તિ પર રોક લગાવવા માટે સંહિતા જારી કરી છે. આ સંહિતા-યુનિફોર્મ કોડ ઓફ ફાર્માસ્યૂટિકલ માર્કેટિંગ પ્રેક્ટિસિસ (યુસીપીએમપી) ૨૦૨૪ અંતર્ગત આ નિયમનને લાગુ કરવાની જવાબદારી કંપનીઓની હશે. પોતાના ઉત્પાદનોને વેચવા માટે ડોક્ટરોને ગિફ્ટ, મોંઘા પ્રવાસ, હોસ્પિટાલિટી, રોકડ વગેરે આપવાની ફરિયાદોના નિકાલ માટે ફાર્મા કંપનીઓએ એક એથિક્સ કમિટી બનાવવી પડશે, જેમાં ત્રણથી પાંચ સદસ્યો હશે. આ સમિતિના પ્રમુખ બોર્ડના સીઈઓ હશે. આ કમિટીની જાણકારી વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવી પડશે. કોડમાં સ્પષ્ટ કહેવાયું છે કે નિયમનના પાલન માટે કંપનીના સીઈઓ જવાબદાર હશે. તેમને દર નાણાંકીય વર્ષની સમાપ્તિ બાદ બે મહિનાની અંદર એ જાહેરાત કરવી પડશે કે તેમની કંપની નિયમોનું પાલન કરી રહી છે અને ઉત્પાદનોનું વેચાણ વધારવા માટે ડોક્ટરો કે સ્વાસ્થ્યકર્મીઓને કોઈપણ પ્રકારનો વ્યક્તિગત લાભ નથી અપાઈ રહ્યો. કોડમાં એવા કોઈ વ્યક્તિને મફત સેમ્પલ દવા આપવાની પણ મનાઈ છે, જે એવા કોઈ ઉત્પાદનને દર્દીઓને આપવા યોગ્ય નથી. જે સેમ્પલ દવાઓ ડોક્ટરોને અપાય છે, તેની કિંમત કંપનીના કુલ ઘરેલુ વેચાણના બે ટકાથી વધારે ન હોવું જોઈએ. ગઈ વખતે ફાર્માસ્યુટિકલ ડિપાર્ટમેન્ટે આવું નિયમન ૨૦૧૪માં લાવ્યા હતા.

આવું નિયમન એટલા માટે કરવું પડ્યું કારણ કે કેટલીય ઘટનાઓ જોવા મળે છે જેમાં મોટી મોટી કંપનીઓ ડોક્ટરોને વિદેશ યાત્રા પર લઈ જાય છે. એવું પણ થાય છે કે કંપનીઓ ડોક્ટરો કે સ્વાસ્થ્યકર્મીઓના જન્મદિન, લગ્નની વર્ષગાંઠ વગેરેનો પણ ખર્ચો ઉઠાવે છે. મોંઘી ગિફ્ટો આપવામાં આવે છે. તેના બદલે તે કંપનીઓ પોતાનો કારોબાર વધારવા માગે છે. વર્ષોથી આ વેપલો ચાલ્યો આવે છે. આ એક પ્રકારની લેવડદેવડ છે કે અમે તમારા પર ખર્ચ કરી રહ્યા છે અને તમે અમારા ઉત્પાદનનું વેચાણ વધારવામાં મદદ કરો. કોઈપણ કંપની પોતાના ઉત્પાદનના પ્રચાર-પ્રસાર માટે જાતજાતના કાર્યક્રમ અને ઉપાય કરે છે. એવો જ માહોલ મેડિકલના વ્યવસાયમાં પણ ચાલે છે. આ વ્યવસાયમાં પોતાની જાણકારીને સમય સમય વધારવા તથા બીજા ચિકિત્સકોના અનુભવોથી બોધ લેવો જરૂરી હોય છે. તેના માટે સંમેલન, વર્કશોપ અને સેમિનાર હોય છે. તેનો મતલબ એ હોય છેકે એવા આયોજનોથી પોતાની જાણકારી વધારીને દર્દીઓને બહેતર ઉપચાર ઉપલબ્ધ કરાવાય. દરેક ડોક્ટરે મેડિકલ કાઉન્સિલમાં પોતાના રજિસ્ટ્રેશનનું દર પાંચ વર્ષે નવીનીકરણ કરાવવુ પડે છે અને તેના માટે ૩૦ ક્રેડિટ પોઈન્ટનું વિવરણ જમા કરાવવું પડે છે. તેના માટે ઓછામાં ઓછા ૧૨૦ કલાકના શિક્ષા કાર્યક્રમમાં ભાગ લેવાનો હોય છે. કોઈપણ અન્ય વ્યવસાયમાં એવું કરવાની જરૂર નથી પડતી.

જો આ બાધ્યતા ડોક્ટરો માટે સરકાર તરફથી નિર્ધારિત છે, તો એવા કાર્યક્રમ પણ સરકાર, મેડિકલ કાઉન્સિલ એ યુનિવર્સિટીઓ તરફથી આયોજિત કરાવા જોઈએ. પરંતુ એવું થતું નથી. એવી સ્થિતિમાં ડોક્ટર એસોસિએશનોને પોતાના સ્તર પર આ પ્રકારના કાર્યક્રમો કરવા પડે છે અને જ્યાં ખર્ચ કરવાની વાત આવે છે, તો દવા કંપનીઓ ખર્ચ કરે છે, કારણ કે તેમને તો આવા કાર્યક્રમોથી લાભ થવાનો છે. પરંતુ આ સંબંધે નિયમ સ્થાપિત કરવામાં આવ્યો છે કે પ્રાયોજક કંપનીઓના ઉત્પાદનોને મુખ્ય સંમેલન કક્ષમાં પ્રદર્શિત નહીં કરી શકાય કેના તેના ઉત્પાદનોના નામ સાથે આયોજનનો પ્રચાર થાય છે. હવે થાય છે એ કે ખોટું કરનારા લોકોને કારણે સાચું કરનારા પર પણ તવાઈ આવે છે.

જો દવા કંપનીઓ અને ડોક્ટરોની મિલીભગતને પ્રભાવી રીતે રોકવી હશે તો આપણે ભારે-ભરખમ ફી લઈને અપાતા મેડિકલ શિક્ષણને પણ નિયંત્રિત કરવું પડશે. હાલમાં ખાનગી મેડિકલ કોલેજોમાં વધુ ફીને લઈને કેટલાંક પગલાં ભરવામાં આવ્યાં છે, પરંતુ તેની અસર દેખાવી હજુ બાકી છે. નવા નિયમોમાં એ જોગવાઈ કરવામાં આવી છે કે જો કંપનીનો કોઈ વ્યક્તિ ડોક્ટરોને લાભ પહોંચાડીને પોતાના ઉત્પાદનોનું વેચાણ વધારવાનો પ્રયાસ કરશે તો એના પર યોગ્ય કાર્યવાહી કરી તેની જાણકારી સાર્વજનિક કરવી પશે. હવે જોવાનું એ છે કે કંપનીઓ આનું કેટલી ગંભીરતાથી પાલન કરે છે. ડોક્ટરોએ પણ સમજવું જોઈએ કે લાલચમાં કોઈ દવા કે અન્ય ઉત્પાદનનું વેચાણ વધારવામાં સહભાગી બનવું એક ઉમદા વ્યવસાય અને દર્દીઓ સાથે અન્યાય છે.


## પોરબંદરમાં કોંગ્રેસની ઓફિસમાં તાળા લાગ્યા

પોરબંદર, તા.૨૩

પોરબંદર જિલ્લા કોંગ્રેસ જાણે સંપૂર્ણ ખાલી થઈ ગઈ છે. અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મોઢવાડિયાના તમામ સમર્થકો અને જિલ્લા કોંગ્રેસના તમામ પાંખના હોદ્દેદારોએ કેસરિયા કરી લીધા છે. લગભગ ૪ હજાર કાર્યકર્તાઓએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં જોડાયા છે. પોરબંદર જિલ્લા કોંગ્રેસ જાણે સંપૂર્ણ ખાલી થઈ ગઈ છે. અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મોઢવાડિયાના તમામ સમર્થકો અને જિલ્લા કોંગ્રેસના તમામ પાંખના હોદ્દેદારોએ કેસરિયા કરી લીધા છે. લગભગ ૪ હજાર કાર્યકર્તાઓએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં જોડાયા છે. આ તમામ કાર્યકરોને ભાજપ આગેવાનોએ આવકાર્યા હતા. જે દરમિયાન ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે,કોંગ્રેસના લીડર અર્જુન મોઢવાડિયાના કેસરિયા બાદ તેના હજારો સમર્થકો ભાજપમાં જોડાયા છે અને જેમ દૂધમાં સાકર ભળે તેમ ભાજપમાં ભળી ગયા છે.

# અમદાવાદના મણીનગર વિસ્તારમાં થયેલ રૂા.૧૧ લાખ ૮૦ હજારની ચોરીનો ભેદ ઉકેલાયો : આરોપીની ધરપકડ







(ક્રાઈમ રીપર્ટર દ્વારા)

અમદાવાદ તા.૨૩

અમદાવાદ શહેરના મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૫૦૧, શ્યામ મણી એપાર્ટમેન્ટ, ભૈરવનાથ રોડ ખાતે રહેતા અને બાંધકામનો વ્યવસાય કરતા ફરિયાદી દીપકભાઈ મોહનલાલ બુધવાની જાતે સિંધી ઉવ. ૫૦ રહે. ૫૦૧, શ્યામ મણી એપાર્ટમેન્ટ, ભૈરવનાથ રોડ, અમદાવાદના રહેણાંક મકાન ના તાળા તોડી, અજાણ્યો આરોપી કબાટમાં રાખેલ ગોદરેજ ટોરેક્ષ સફેદ કલરનું લોકર કાઢી, રોકડ રકમ રૂા.૧,૫૦,૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના વિગેરે મળી, કુલ રૂા.૧૧,૮૦,૦૦૦/- ચોરી કરી નાસી જતા, ફરીયાદી દ્વારા મણિનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરવામાં આવતા, મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, સેક્ટર ૦૨ બ્રજેશ ઝા તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા મિલકત વિરૂદ્ધના ગુન્હાઓ શોધી કાઢવા અને લોકસભાની ચૂંટણી આધારે વાહન ચેકીંગ કરવા અમદાવાદ શહેરના તમામ પોલીસ અમલદારોને સૂચનાઓ કરવામાં આવેલ હતી. અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ, ડી સ્ટાફના પીએસઆઈ એસ.આઈ. પટેલ તથા સ્ટાફના હે.કો. મહેન્દ્રસિંહ, પો.કો. અર્જુનસિંહ, અનિલભાઈ, નરેશભાઈ, દેવુસિંહ, સહિતની પોલીસ ટીમ દ્વારા જીણવટ ભરી તપાસ હાથ ધરી, સીસીટીવી ફૂટેજ ચેક કરતા, આરોપી એક્ટિવા મોટર સાયકલ નંબર જીજે-૨૭-ડીએકસ-૦૧૧૪ ઉપર આવેલાં ની હકીકત જણાઈ આવેલ હતી. જે એક્ટિવાના નંબર આધારે પોકેટ કોપ એપ્લિકેશન મારફતે માહિતી મેળવતા, આ એક્ટિવાના માલિક મહેન્દ્રભાઈ પ્રજાપતિ રહે. વસ્ત્રાલ રીંગ રોડ, રામોલ, અમદાવાદનું હોવાની હકીકત મણિનગર પોલીસ ટીમને જાણવા મળેલ હતી. આ બાબતે વાહન માલિક મહેન્દ્રભાઈ પ્રજાપતિને બોલાવી, તપાસ કરતા, તેમનું વાહન રામોલ પોલીસ સ્ટેશનની હદમાં ખાતેથી ૨૦૨૩ ની સાલમાં નવેમ્બર મહિનામાં ચોરી થયેલ હતું અને એ બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે ચોરીની ફરિયાદ કરવામાં આવેલ છે. અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ, ડી સ્ટાફના પીએસઆઈ એસ.આઈ. પટેલ તથા સ્ટાફના હે.કો. મહેન્દ્રસિંહ, પો.કો. અર્જુનસિંહ, અનિલભાઈ, નરેશભાઈ, દેવુસિંહ, સહિતની પોલીસ ટીમ દ્વારા બાતમી આધારે તેમજ લોકસભા ચૂંટણી આધારે સતત ચાલતા વાહન ચેકીંગ દરમિયાન સીસીટીવી ફૂટેજ આધારે મળેલ વાહન નંબર આધારે ખાતેથી આરોપીઓ પરેશભાઈ સુરેશભાઈ સોની ઉવ. ૩૫ રહે. બી/૦૭, અક્ષર દીપ સોસાયટી, વિરાટનગર, નિકોલ, અમદાવાદ મૂળ રહે. થોર ગામ, તા. ભિનમાલ જી. ઝાલોર, રાજસ્થાનને રાઉન્ડ અપ કરી, પોલીસની ભાષામાં પૂછપરછ હાથ ધરતા, પાંચ છ દિવસ પહેલા શ્યામ મણી એપાર્ટમેન્ટ, ભૈરવનાથ રોડ, મણિનગર ખાતે થયેલ ઘરફોડ ચોરી કર્યાની કબૂલાત કરવામાં આવેલ હતી અને પૂછપરછ દરમ્યાન મણિનગર પોલીસ ટીમ દ્વારા મણિનગર પોલીસ સ્ટેશનના ખાતેના ઘરફોડ ચોરીનો મુદામાલ સહિત સોના ચાંદીના દાગીના, ટાઈટન કપલ વોચ, વિદેશી ચલણી નાણું, મોબાઈલ ફોન, બનાવટી ઈમિટેશન જ્વેલરી, જુદી જુદી કંપનીના લેપટોપ નંગ ૦૬, ઘરફોડ કરવાના ગણેશિયા સહિતના સાધનો, સામાન તથા ગુન્હામાં વાપરેલ એક્ટિવા નંબર જીજે-૨૭-ડીએકસ-૦૧૧૪, મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૭,૨૭,૫૫૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. આરોપીને મણિનગર પોલીસ સ્ટેશન ખાતે લાવી, ધરપકડ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી પરેશ સુરેશભાઈ સોનીની પૂછપરછમાં આરોપી વસ્ત્રાલ વિસ્તારમાં પોતાના માતાપિતા અને પત્ની સાથે રહે છે અને મૂળ રાજસ્થાન રાજ્યના ઝાલોર જિલ્લાના થોર ગામના વતની છે અને આશરે ચારેક મહિનાના ગાળામાં મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ આ ઘરફોડ ચોરી ઉપરાંત એક દુકાનમાં ઘરફોડ ચોરી કરી, લેપટોપ, વટવા ઘોડાસર વિસ્તારમાં એક ઘરફોડ ચોરી કરી, સોનાચાંદીના દાગીના રોકડ રકમ, જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરી કરી, સોના ચાંદીના દાગીના, વિદેશી ચલણ, રોકડ રકમ, નવરંગપુરા વિસ્તારમાંથી ઘરફોડ ચોરી કરી, લેપટોપની ચોરી તેમજ શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરી કરી, ઈમિટેશન જ્વેલરીની ચોરી, સહિત મળી, કુલ છ ઘરફોડ ચોરી અને એક રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુન્હામાં વાપરેલ એક્ટિવાની વાહનચોરી, યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કારના કાચ તોડી, લેપટોપની ચોરી, શાહીબાગ અને મેઘાણી નગર વિસ્તારમાંથી બેગ અને લેપટોપ ચોરી, મેમનગર વિસ્તારમાંથી કારના કાચ તોડી, લેપટોપ ચોરી, મળી કુલ છ સાદી ચોરી મળી, કુલ બાર (૧૨) એક ડઝન ઘરફોડ ચોરી, વાહન ચોરી અને લેપટોપ ચોરીની કબૂલાત પણ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીની પૂછપરછમાં પકડાયેલ આરોપી ક્રિકેટ સટ્ટામાં રૂપિયા હારી જતા, ૧૫ લાખ જેટલું દેવું થઈ જતા અને કોઈ કામધંધો ના હોય, પોતાના ઉપર ઘર ચાલતું હોય, મોટર સાયકલ ચોરી કરી, રેપીડો સર્વિસમાં પેસેન્જરના ભાડા કરતો હતો. તે દરમિયાન એક પેસેન્જરને મૂકવા જતા, બંધ મકાન જોતા, આજુબાજુ કોઈ નહિ હોય, મકાનમાં ઘરફોડ ચોરી કરવાથી વધુ દલ્લો મળશે અને પોતાનું દેવું ચૂકવાઈ જશે, તેવું વિચારી, ઘરફોડ ચોરી કરવાનું શરૂ કરવામાં આવેલ હતું. ત્યારબાદ એમાં ફાવટ આવી જતા, બંધ મકાન ટાર્ગેટ કરી, લોક તથા નકુચાઓ તોડી, ઘરફોડ ચોરીઓ કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. પકડાયેલ આરોપી ખાસ બંધ મકાનને જ નિશાન બનાવતો હોવાનું પૂછપરછ દરમ્યાન જણાઈ આવેલ છે. પકડાયેલ આરોપી દ્વારા ચોરીના ધંધા માટે તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, સોનીની ચાલ, સીએમસી સામે એક ઓફીસ પણ ભાડે રાખી છે, આ ઓફિસમાં ચોરી કરેલ માલને ઓગાળવા માટેના સાધનો, ચોરી કરવા માટેના સાધનો, ચોરી કરેલ મુદામાલ રાખવા માટેની ખાસ વ્યવસ્થા રાખવામાં આવેલ હોઈ, પોલીસ પણ ચોંકી ગયેલ હતી. મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ, પીએસઆઈ એસ.આઈ.પટેલ તથા સ્ટાફ દ્વારા આરોપીની ધરપકડ કરી, સઘન પૂછપરછ હાથ ધરી, આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ભૂતકાળમાં કબૂલાત કર્યા સિવાય બીજા કોઈ ગુન્હા આચારેલા છે કે કેમ ? કોઈ ગુન્હામાં પકડાયેલ કે વોન્ટેડ છે કે કેમ ? વિગેરે મુદાઓસર વધુ પોલીસ રિમાન્ડ ઉપર મેળવવા, વધુ તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

### ભારતીયો પર થશે અસર?

# કેનેડા બાદ ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝાના નિયમો બનાવ્યા

## ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન તેના રેકોર્ડ પર પહોંચી ગયું છે, સપ્ટેમ્બર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે દેશની વસ્તીમાં ૨.૫ ટકાનો વધારો થયો છે




નવી દિલ્હી, તા.૨૩

ઓસ્ટ્રેલિયાએ હવે પોતાના દેશમાં માઈગ્રન્ટ્સની વધતી સંખ્યાને લઈને એક મોટું પગલું ભર્યું છે. જે હવે ભારત સહિત અનેક દેશોના વિદ્યાર્થીઓ માટે સમસ્યા બની ગઈ છે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિઝા નિયમો કડક બનાવ્યા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી રોઈટર્સ અનુસાર, ઓસ્ટ્રેલિયાના વિઝાના નિયમોમાં હવે અંગ્રેજી ભાષાની આવશ્યકતા અને બહારના વિદ્યાર્થીઓ માટે 'Genuine Student Test'નો સમાવેશ થાય છે. જો આ નિયમોનો ભંગ થશે તો સરકાર પાસે આ શિક્ષણ પ્રદાતાઓને સસ્પેન્ડ કરવાનો અધિકાર રહેશે. આ વિઝાના નિયમોમાં 'Genuine Student Test' આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે માથાનો દુખાવો બની ગઈ છે. કારણ કે આ વિઝા માત્ર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જ હશે. તેઓ અભ્યાસ પૂરો કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં રહી શકતા નથી. વિઝા સંબંધિત આ ફેરફાર અંગે ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રાલયના મંત્રી ક્લે/ર ઓ'નીલે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે આ સપ્તાહના અંતમાં ઓસ્ટ્રેલિયામાં પ્રવાસન સ્તરને ઘટાડવા પર ભાર મૂકવામાં આવશે. અમે વારસામાં મળેલી આ નબળી સિસ્ટમને પાટા પર લાવવા માટે કામ કરી રહ્યા છીએ. આ નિયમો ગયા વર્ષે ડિસેમ્બરમાં ઈમિગ્રેશન પર રોક લગાવવા લાવવામાં આવ્યા હતા. આ નવા પેરામીટર્સમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષામાં સારા માર્ક્સ મેળવવા ફરજિયાત છે. ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા માટે આ સ્કોર હવે ૬.૦ થી વધીને ૬.૫ થયો છે. વિદ્યાર્થી વિઝા માટે આ સ્કોર ૫.૫ થી વધીને ૬.૦ થશે. જ્યારે યુનિવર્સિટી ફાઉન્ડેશન અથવા પાથવે પ્રોગ્રામના વિદ્યાર્થીઓને આ સ્કોર ૫.૫ની જરૂર પડશે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન તેના રેકોર્ડ પર પહોંચી ગયું છે. સપ્ટેમ્બર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે દેશની વસ્તીમાં ૨.૫ ટકાનો વધારો થયો છે. જેનું મહત્વનું કારણ બહારથી આવતા પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારત, ચીન અને ફિલિપાઈન્સના છે. આ મામલે ઓસ્ટ્રેલિયન ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમિશનના કમિશનર મોનિકા કેનેડીએ જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયન સરકારના ગૃહ વિભાગના જણાવ્યા અનુસાર જૂલાઈ ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે ૩૮૨,૦૦૦ સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા હતા, જે ૨૦૨૦ની સરખામણીમાં ૪૧.૩ ટકા વધુ છે. જાન્યુઆરી-મે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયાએ ૪૭,૭૫૯ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા. ઓસ્ટ્રેલિયા ઉપરાંત કેનેડા અને યુકેએ પણ તાજેતરમાં વિઝા નિયંત્રણો લાદ્યા છે. તેથી જો તેઓ વિઝાની જોગવાઈઓના આ નિયમોને કારણે વિઝા મેળવી શકતા નથી તો તેઓ અમેરિકા અને અન્ય યુરોપિયન દેશોનો વિકલ્પ પસંદ કરી શકે છે.

## ભાણવડ નજીક બુલેટની મોટરકાર સાથે ટક્કરઃ ચાલકનું મૃત્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

ખંભાળિયાના ભંડારીયા ગામે રહેતા નારણભાઈ કરસનભાઈ ભાટીયા નામના યુવાનતેમના જી.જે. ૧૦ સી.જે. ૭૫૮૬ નંબરના બુલેટ મોટર સાયકલ લઈને જઈ રહ્યા હતા, ત્યારે પૂરઝડપે અને ગફલતભરી રીતે પોતાનું બુલેટ મોટરસાયકલ ચલાવી અને ભાણવડ નજીક ગુંદલા ગામના પાટીયા પાસેના માર્ગ પર બુલેટ ચાલક નારણભાઈએ આગળ જઈ રહેલી જી.જે. ૩૭ જે. ૬૮૪૩ નંબરની અલ્ટો મોટરકાર સાથે પોતાનું બુલેટ અથડાવતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત નારણભાઈ ભાટીયાનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

## ખંભાળિયાનું માર્કેટિંગ યાર્ડ તા. ૩૧ માર્ચ સુધી બંધ રહેશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલા માર્કેટિંગ યાર્ડમાં હાલ માર્ચ એન્ડિંગ હોવાથી વર્ષ ૨૦૨૩-૨૪ ના વાર્ષિક હિસાબો પૂરા કરવા માટે માર્કેટિંગ યાર્ડ દ્વારા ખરીદ વેચાણનું કામકાજ બંધ રાખવામાં આવનાર છે. જે આગામી તારીખ ૩૧ માર્ચ સુધી બંધ રહેશે. જેના કારણે યાર્ડમાં થતી અનાજની હરાજી થઈ શકશે નહીં. જોકે લીલા શાકભાજીની હરાજી રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવી છે. આ કામગીરી આગામી તા. પહેલી એપ્રિલથી રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે તેમ યાર્ડના સેક્રેટરી ભાવેશ જોગલની એક યાદીમાં જણાવાયું છે.

## થાનગઢથી દ્વારકા પગપાળા આવેલ ૯૦ વર્ષીય નાનુદાદા નાનપણથી ઊભા રહી જીવન વ્યતિત કરી રહ્યા છે



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૩

ચોટીલા નજીક થાનગઢના ૯૦ વર્ષીય નાનુદાદા તેમના કહયા અનુસાર બચપણથી જ જમીન પર બેઠા કે સુતા નથી અને ઉભા ઉભા જ જીવન વ્યતિત કર્યું છે તેઓ ગઈકાલે પગપાળા ચાલીને દ્વારકાધીશના દર્શને પહોંચ્યા હતા જ્યાં ઠાકોરજીના દર્શન કરી ભાવવિભોર બન્યા હતા ત્યાં તેમને દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના નાયબ મામલતદાર દર્શનભાઈ સાવધરીયા દ્વારા દ્વારકાધીશના ઉપરણાથી નાનુ દાદાનું સ્વાગત કરવામાં આવ્યું હતું

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્ઞાનથી જ વિનયની પ્રાપ્તિ થાય છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ સુદ-૧૩ જૈન છ ગાઉની યાત્રા (પાલીતાણા) તા.૨૩ માર્ચ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૨, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શૂળ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૪, સૂ.અ.૭:૦૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), બપોરે ૨:૧૯ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.
વૃષભ:વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.
મિથુન:આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.
કર્ક: મહત્વના નિર્ણય લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.
કન્યા: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.
તુલા: આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.
વૃશ્ચિક:માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે.
ધન: નવા આયોજનો ન કરવા હિતાવહ.
મકર: નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ: આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.

# ગુજરાતમાં રજાના દિવસે પણ થઈ શકશે દસ્તાવેજ નોંધણી

અમદાવાદ, તા.૨૩

નાણાંકીય વર્ષના અંતમાં સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં શુક્રવારે જાહેર રજાનાં દિવસે પણ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.હાલ રાજયમાં નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધુ રહેતી હોઈ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં જાહેર રજાનાં દિવસે રાજયની તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓ ચાલુ રાખવોનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજયની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોય જાહેર હિતને ધ્યાનમાં રાખી તા.૨૯/૦૩/૨૦૨૪ને શુક્રવારને જાહેર રજાના દિવસે રાજયની તમામ ૨૯૪ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવા નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ નિયમિત દિવસના જેમ જ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

આમ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

## ગુજરાતની ૬ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ રાજયની ઘણી આયુર્વેદિક કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કડક પગલાં લીધા છે. યુનિવર્સિટીએ આ વર્ષે અમદાવાદ, ગાંધીનગર, કલોલ, મહિસાગર, આણંદ અને ગોધરા જિલ્લામાં આવેલી ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં અમદાવાદની એક સરકારી કોલેજનો સમાવેશ થાય છે.

# અલંગના શીપ રિસાઈક્લિંગ ઉદ્યોગને મોટો ફટકો, ૨૦૨૩માં સૌથી ઓછા ૧૩૬ શીપ આવ્યા

## છેલ્લા અઢી મહિનામાં લેબર માત્ર ૧૫ દિવસ કામ કરે છે : રિસાઈક્લિંગના શીપમાં થતો સતત ઘટાડો

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં અલંગ ખાતે વિશ્વમાં સૌથી મોટો શિપ રિસાઈક્લિંગનો ઉદ્યોગ ચાલે છે જેને તાજેતરમાં મિડલ ઈસ્ટની કટોકટી અને વધતા ફ્રેઈટ રેટના કારણે મોટો ફટકો પડ્યો છે. છેલ્લા કેટલાક સમયથી રાતા સમુદ્રમાં જોખમી સ્થિતિ હોવાના કારણે રિસાઈક્લિંગ માટે અલંગ આવતા શિપની સંખ્યા એક દાયકાના તળિયે પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૬માં અલંગ ખાતે ૩૧૩ શિપ રિસાઈક્લિંગ માટે આવ્યા હતા જેની સંખ્યા ૨૦૧૭માં ૨૩૦ અને ૨૦૧૮માં ૨૫૮ હતી. ત્યાર પછી ૨૦૧૯માં માત્ર ૧૯૦ શિપ, ૨૦૨૦માં ૧૯૯ શિપ, ૨૦૨૧માં ૨૦૫ આવ્યા હતા. ત્યાર પછી તો આંકડો ૧૫૦ શિપથી પણ નીચે જતો રહ્યો છે. ૨૦૨૨માં અલંગ ખાતે ૧૪૧ શિપ આપ્યા હતા જ્યારે વર્ષ ૨૦૨૩માં સૌથી નબળો દેખાવ હતો અને માત્ર ૧૩૬ શિપ રિસાઈક્લિંગ માટે આવ્યા હતા. ભાવનગર પાસે અલંગમાં સ્થિતિ એવી છે કે શિપ રિસાઈક્લિંગ ઉદ્યોગ ગમે ત્યારે ખતમ થઈ જાય તેમ છે. અલંગ શિપ રિસાઈક્લિંગ એસોસિએશનના સેક્રેટરી હરેશ પરમાર કહે છે કે આ ઈન્ડસ્ટ્રીમાં સુધારાના કોઈ સંકેત જોવા મળતા નથી. તેમણે કહ્યું કે અલંગ શિપ રિસાઈક્લિંગ ઈન્ડસ્ટ્રીમાં કુલ ૧૩૦ પ્લોટ છે જેમાંથી માત્ર ૩૦ પ્લોટ હાલમાં ઓપરેશનલ છે. છેલ્લા અઢી મહિનામાં લેબર માત્ર ૧૫ દિવસ કામ કરે છે. ૨૦૨૩માં છેલ્લા એક દાયકામાં સૌથી ઓછા શિપ અલંગ આવ્યા હતા. અલંગમાં આટલી ઓછી સંખ્યામાં શિપ આવ્યા તેના ઘણા કારણો છે. એક તો, કોવિડ પછી ફ્રેઈટ રેટ વધી ગયા છે. તેના કારણે કંપનીઓ શિપને રિસાઈકિલંગ માટે મોકલતી નથી અથવા શક્ય હોય ત્યાં સુધી મોડું કરે છે. રાતા સમુદ્રમાં કટોકટીના કારણે ફ્રેઈટ રેટમાં મોટો વધારો થયો છે. રાતા



સમુદ્ર દ્વારા સુએઝ કેનાલમાં એન્ટ્રી કરી શકાય છે અને આખી દુનિયાની શિપિંગ ચેનલમાં તે બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કેનાલના કારણે એશિયા અને યુરોપ વચ્ચેનું અંતર લગભગ અડધું થઈ જાય છે. ઓક્ટોબર ૨૦૨૩માં હૌથી બળવાખોરોએ મધદરિયે કન્ટેનર શિપ ઉપર મિસાઈલ હુમલા કર્યા તેના કારણે ઘણી શિપિંગ કંપનીઓએ સુરક્ષિતિ રહેવા માટે પોતાની કામગીરી અટકાવી દીધી છે. કેટલીક કંપનીઓ આખા આફ્રિકા ખંડનો આંટો મારીને કેપ ઓફ ગુડ હોપના રૂટથી શિપ લાવી રહ્યા છે. તેના કારણે શિપના પ્રવાસનો ગાળો બે અઠવાડિયા જેટલો વધી જાય છે. આ ઉપરાંત હાલમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ શિપ બ્રેકિંગ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થયો છે જેના કારણે ભારતીય ઈન્ડસ્ટ્રી માટે હરીફાઈ પેદા થઈ છે. મેલ્ટેડ સ્ક્રેપ મેટલનો ભાવ ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ ટન સુધી ઘટી ગયો છે. તેવી જ રીતે નવા શિપની ડિલિવરીમાં પણ બહુ વધારે સમય લાગે છે જેના કારણે ફ્રેઈટ રેટ વધી ગયા છે. આ તમામ કારણોથી અલંગના શિપ રિસાઈક્લિંગ ઉદ્યોગને ભયંકર ફટકો પડ્યો છે.

# ગુજરાત યુનિ.ની સુરક્ષામાં વધુ પચાસ એક્સ આર્મીમેનનો વધારો કરવાનો લેવાયો નિર્ણય

અમદાવાદ, તા.૨૩

ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ ઉપરના હિચકારા હુમલા બાદ મોડેથી તંત્ર હરકતમાં આવ્યું અને તરત જ યુનિ.ના સુરક્ષાના પ્રશ્નને લઈ ખૂબ જ ગંભીરતા દાખવવામાં આવી છે જે મુજબ ગેટથી લઈને હોસ્ટેલ સુધી ગાર્ડ તૈનાત કરાશે જ્યારે એક્સ આર્મીમેનની સંખ્યા ૨૦થી વધારીને ૭૦ની કરવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ ઉપરના હુમલા બાદ હરકતમાં આવેલ તંત્ર દ્વારા ઘટ્યા યુનિવર્સિટીની સુરક્ષાના પ્રશ્નને લઈને ખૂબ જ ગંભીરતા દાખવવામાં આવી છે. ઘટના સમયે સિક્યુરિટી ગાર્ડ હાજર હતા તેમ છતાં આ ઘટનાને રોકવામાં નિષ્ફળ ગયા હતા. ભવિષ્યમાં ફરી આવી કોઈ ઘટના ન ઘટે તે માટે યુનિવર્સિટી દ્વારા સિક્યુરિટી ગાર્ડમાં એક્સ આર્મી મેનની સંખ્યા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી યુનિવર્સિટીની સિક્યુરિટીમાં ૨૦ એક્સ આર્મીમેન હતા, જેને વધારીને ૭૦ કરવામાં આવ્યા છે. આ ઘટના પૂર્વે પણ અનેક પ્રકારની અનિચ્છનીય ઘટનાઓ ગુજરાત યુનિવર્સિટીમાં બની ચૂકી છે ત્યારે સિક્યુરિટી એજન્સી ઉપર પ્રશ્નો ઊભા થયા હતા કે, સિક્યુરિટી ગાર્ડ હોવા છતા આ ઘટનાઓ કેમ્પસની અંદર કેવી રીતે બની? તાજેતરની ઘટનામાં મોટી સંખ્યામાં ટોળુ યુનિવર્સિટીની અંદર ધસી આવ્યું ને સિક્યુરિટી ટોળાને કાબૂમાં ન લાવી શક્યા જેની નોંધ યુનિવર્સિટી દ્વારા પણ લેવામાં આવી. આ ઘટના બાદ યુનિવર્સિટીની સુરક્ષામાં વધારાના ૫૦ એક્સ આર્મીમેન ઉમેરવામાં આવ્યા છે. આમ યુનિ.ના સુરક્ષાના મામલે ખૂબ જ ગંભીરતાથી દાખવવામાં આવી રહી છે. યુનિવર્સિટી સાથેના કોન્ટ્રાક્ટ મુજબ સિક્યુરિટી એજન્સીએ પોતાના ગાર્ડની સાથે ૨૦ એક્સ આર્મીબેન મૂકવાના હોય છે, જે રાબેતા મુજબ મૂકવામાં આવે છે. જોકે, તાજેતરમાં મારામારીની જે ઘટના બની ત્યારબાદ એજન્સી દ્વારા વધારાના ૫૦ એક્સ આર્મીમેનને ગાર્ડ તરીકે મૂકવામાં આવ્યા છે એટલે કે હવે ૨૦ની જગ્યાએ અત્યારે ૭૦ એક્સ આર્મીમેન યુનિવર્સિટીની સુરક્ષા કરી રહ્યા છે. યુનિવર્સિટીના ગેટથી લઈ હોસ્ટેલ સુધી તમામ જગ્યા ઉપર અત્યારે સામાન્ય ગાર્ડની સાથે એક્સ આર્મીમેન પણ રાખવામાં આવ્યા છે.

# ખંડ નિરીક્ષકને મૂલ્યાંકન માટેના પણ ઓર્ડર હોવાથી કામગીરી ઉપર અસર

અમદાવાદ, તા.૨૩

શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના અનેક શિક્ષકોને ખંડ નિરીક્ષક અને મૂલ્યાંકન એમ બંને પ્રકારના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હોવાના પગલે હાલમાં મૂલ્યાંકન કામગીરી ધીમી ચાલી રહી છે. રોજના સરેરાશ ૩૦ ટકા જેટલા શિક્ષકો ખંડ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હોવાના લીધે મૂલ્યાંકન માટે જઈ શકતા નથી. જોકે, ૨૨ માર્ચના રોજ ધોરણ-૧૦ અને સાયન્સની પરીક્ષા પૂર્ણ થયા બાદ તેઓ મૂલ્યાંકન કામગીરીમાં જોડાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે અનેક શિક્ષકોને ખંડ નિરીક્ષક અને મૂલ્યાંકન એમ બંને ઓર્ડર કર્યા હતા. જો કે, આ વખતે બોર્ડ દ્વારા પરિક્ષાના ત્રણ-ચાર દિવસ પછી જ મૂલ્યાંકનની કામગરી શરૂ કરી દેવાનું નક્કી કર્યું હતું. આ વખતે પરિણામ વહેલુ જાહેર કરવાનું હોવાથી મૂલ્યાંકન કામગીરી વહેલી શરૂ કરાઈ હતી. પરંતુ જે શિક્ષકોને ખંડ નિરીક્ષક અને મૂલ્યાંકન એમ બંને ઓર્ડર થયા હોવાથી પરીક્ષા ચાલુ હોવાના લીધે તેઓ મુલ્યાંકન કામગીરીમાં જોડાઈ શકતા ન હોવાનું સામે આવ્યું છે. મોટાભાગના ખંડ નિરીક્ષકો બોર્ડની પરીક્ષા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને બેઠા હોવાથી પરીક્ષા પૂર્ણ થયા બાદ જ તેઓ મુલ્યાંકન કામગીરીમાં જોડાશે. જેના પગલે હાલમાં રોજના સરેરાશ ૩૦ ટકા જેટલા શિક્ષકો મૂલ્યાંકન કેન્દ્રો ઉપર ગેરહાજર હોવાનું જાણવા મળે છે. જો કે, ૨૨ માર્ચના રોજ ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સની પરીક્ષા પૂર્ણ થયા બાદ મૂલ્યાંકન કેન્દ્રો પર શિક્ષકોની હાજરી મોટા પ્રમાણમાં જોવા મળશે. આ વખતે એપ્રિલ અંત સુધીમાં પરિણામ તૈયાર કરવાનું આયોજન કરાયું હોવાનું પણ જાણવા મળે છે.

# નિષ્ફળ ઠરાવો, ઓછી વસૂલાત : કોર્પોરેટ ડિફોલ્ટર્સનો વિકાસ અને જાહેર નાણાંનું ધોવાણ

(એજન્સી) તા.૨૩

બેંકિંગ સેક્ટરમાં દેવાની વસૂલાતના પ્રયાસો વચ્ચે જાહેર નાણાંનું ધોવાણ થઈ રહ્યું છે. નાદારી અને નાદારી કોડ (IBC)ની કોલેટરલ અસરો જાહેર ભંડોળના નુકસાનમાં ગહન અસરો પેદા કરે છે જે સમગ્ર બેંકિંગ સિસ્ટમની સ્થિરતા અને વિશ્વસનીયતા ઉપર નાણાકીય અસર કરે છે. નાદારી અને નાદારી કોડ ૨૦૧૬ કોર્પોરેટ અને વ્યક્તિઓ માટે નાદારી અને નાદારીની કાર્યવાહીનું નિયમન કરે છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)એ IBC માટે નિર્ણાયક સત્તા છે. છેલ્લા પાંચ વર્ષોમાં NCLT પ્રક્રિયાઓના અવલોકનો અને IBCની અરજી લેણદારોના હિતોની રક્ષા કરવાને બદલે ડિફોલ્ટિંગ કોર્પોરેશનોની તરફેણ અને તેમની તરફ ઝુકાવ દર્શાવે છે. જેઓ મોટાભાગે આ મોટી સંસ્થાઓને ટેકો આપવા માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરે છે.

**કોર્પોરેટ લાભો, લેણદારનું નુકસાન ? :-**

ઘણા સુધારાઓમાંથી પસાર થવા છતાં આજે પણ IBC ઓપરેશનલ પડકારો સાથે ઝઝૂમી રહી છે, તે પ્રશ્નો ઊભા કરે છે કે, શું આ મુદ્દાઓ ઈરાદાપૂર્વકની ક્રિયાઓ અથવા પ્રક્રિયાગત સુસ્તીને લીધે છે. ગયા મહિને બહાર પડેલા સંસદીય સ્થાયી સમિતિના ૬૭મા રિપોર્ટ અનુસાર, માત્ર ૨૫થી ૩૦% કેસ જ ઉકેલાઈ રહ્યા છે. નોંધનીય છે કે, કેટલાક કેસ પૂરા થવામાં બે વર્ષથી વધુ સમય લે છે, જેના કારણે સંપત્તિના મૂલ્યમાં ઘટાડો થાય છે. રિપોર્ટના મુખ્ય તારણોમાંથી એક NCLTની મર્યાદિત ક્ષમતાને પ્રકાશિત કરે છે, જે હાલમાં માત્ર ૫૦% ક્ષમતા ઉપર કાર્યરત છે, જેમાં ૬૨ સભ્યોમાંથી ૩૪ જગ્યાઓ ખાલી છે અને ૨૦,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે. નાદારી કોડનું આ વિચલન વીડિયોકોન અને રૂચિ સોયા જેવા હાઈ-પ્રોફાઈલ કેસોમાં સ્પષ્ટ થાય છે અને રિલાયન્સ કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સૌથી તાજેતરના કેસમાં સ્પષ્ટ થાય છે. ડિસેમ્બર ૨૦૨૩માં Rcom વિરૂધ્ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં NCLTએ માત્ર રૂા.૪૫૫.૯ કરોડની રકમના રિઝોલ્યુશન પ્લાનને સમર્થન આપ્યું હતું. આ આંકડો લેણદારોના કુલ રૂા.૪૭,૨૫૧ કરોડના દાવા સાથે તદ્દન વિરોધાભાસી છે, જે લેણદારોના દાવાઓમાં આશ્ચર્યજનક ૯૯% ઘટાડો દર્શાવે છે. નાદારી નોંધાવતી વખતે RComએ ૫૩ નાણાકીય લેણદારોનું રૂા.૪૬,૦૦૦ કરોડનું દેવું હતું, જેમાં ભારતીય જાહેર ક્ષેત્રની અગ્રણી બેંકો જેમ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિન્ડિકેટ બેંક, બેંક ઓફ બરોડા અને પંજાબ નેશનલ બેંકનો સમાવેશ થાય છે. વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે, લેણદારોને તેમની બાકી લોન ઉપર ૯૫.૮૫%નો જંગી ઘટાડો સ્વીકારવાની ફરજ પડી હતી. વેદાંતા ગ્રુપની પેટાકંપની ટ્વીન સ્ટાર ટેક્નોલોજિસે ૬૪,૯૩૮ કરોડના દાવાના બદલામાં વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ માટે માત્ર રૂા.૨૯૬૨ કરોડની ઓફર કરી હતી. આ તમામ લેણદારોના દાવાઓના માત્ર ૪.૧૫% અને ૯૫.૮૫%ની હેરકટ દર્શાવે છે. તેવી જ રીતે ભારતીય રિઝર્વ બેંકની યાદીમાં અગ્રણી ડિફોલ્ટરર રૂચિ સોયા, લગભગ રૂા.૧૨,૦૦૦ કરોડના જંગી દેવાના બોજમાં ફસાઈ ગઈ હતી. તેના નાણાકીય લેણદારોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે અંદાજે રૂા.૧૮૦૦ કરોડ (કુલ દેવાના ૧૫%) ઋણનો સૌથી મોટો હિસ્સો છે, ત્યારબાદ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક ઈન્ડિયા પણ છે. પતંજલિ ગ્રૂપે રૂચી સોયાને માત્ર રૂા.૪૩૫૦ કરોડમાં હસ્તગત કરી હતી જે નાદારી પ્રક્રિયા દ્વારા ૨૦૧૯માં કુલ દેવાના ૩૬.૨૫% છે. આ કેસો કોડના પાયાના સિદ્ધાંતો સાથે વર્તમાન નાદારી પ્રથાઓના સંરેખણ વિશે પ્રશ્નો ઊભા કરે છે. પુર્નઃ પ્રાપ્તિ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે માર્ચ ૨૦૧૯ અને સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે ૪૩%થી ઘટીને ૩૨% થઈ ગયો છે. સરેરાશ રિઝોલ્યુશન સમય વધ્યો છે. તે ૩૨૪થી ૬૫૩ દિવસ સુધી થયો છે. આ કોડ, નાદારીની પ્રક્રિયાઓને સરળ બનાવવા અને તમામ હિસ્સેદારોના હિતોનું રક્ષણ કરવાનો હતો. IBCના ઉદ્દેશિત હેતુ અને તેના વાસ્તવિક ઉપયોગ વચ્ચેનું અંતર એકંદર આર્થિક અસર વિશે ચિંતાઓ ઊભી કરે છે.

# વારાણસી કોર્ટ જ્ઞાનવાપી મસ્જિદ ભોંયરાની અરજી ઉપર ૧૧ એપ્રિલે સુનાવણી કરશે

વારાણસી, તા.૨૩

વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે મુસ્લિમ શ્રદ્ધાળુઓને જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણ ભોંયરાની ટોચ ઉપર જતાં રોકવાની માંગ કરતી અરજી ઉપર સુનાવણી માટે ૧૧ એપ્રિલની તારીખ નક્કી કરી છે જ્યાં કોર્ટે તાજેતરમાં હિન્દુ પ્રાર્થનાની મંજૂરી આપી હતી. હિન્દુ પક્ષના વકીલ મદન મોહન યાદવના જણાવ્યા અનુસાર, મુસ્લિમ પક્ષે ઈન્ચાર્જ જિલ્લા ન્યાયાધીશ અનિલકુમારની કોર્ટમાં જણાવ્યું હતું કે, તેઓ રમઝાનનો મહિનો હોવાથી ઉપવાસ કરી રહ્યા છે. આથી તેમને તેમનો પક્ષ રજૂ કરવા માટે સમય આપવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. આના ઉપર કોર્ટે સુનાવણીની તા.૧૧ એપ્રિલ નક્કી કરી હતી એમ તેમણે જણાવ્યું હતું. હિંદુ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ભોંયરાની છત ઘણી જૂની અને નબળી છે. તેણે એમ પણ કહ્યું કે, આ ભોંયરાના થાંભલા, જેને વ્યાસ તેહખાના તરીકે પણ ઓળખવામાં આવે છે તેને સમારકામની જરૂર છે. અલ્હાબાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસ તેહખાનામાં હિન્દુ પ્રાર્થના ચાલુ રહેશે તેના દિવસો પછી નવી અરજી દાખલ કરવામાં આવી હતી, જ્યારે મસ્જિદ સમિતિની અરજીને ફગાવી દીધી હતી જેણે આ હુકમ માટે જિલ્લા કોર્ટના આદેશને પડકાર્યો હતો. યાદવે કહ્યું હતું કે, મુસ્લિમ શ્રદ્ધાળુઓ ભોંયરાની ટોચ ઉપર ચાલતા અથવા નમાઝ અદા કરે છે તે જૂના માળખા માટે યોગ્ય નથી જેનું સમારકામ કરવું જોઈએ. ૩૧ જાન્યુઆરીના રોજ જિલ્લા અદાલતે ચુકાદો આપ્યો હતો કે, હિન્દુ પૂજારી મસ્જિદના દક્ષિણ ભોંયરામાં મૂર્તિઓ સમક્ષ પ્રાર્થના કરી શકે છે. પ્રાર્થના હવે કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા નામાંકિત હિન્દુ પૂજારી દ્વારા કરવામાં આવી રહી છે અને અરજદારે દાવો કર્યો છે કે, તેમના દાદાએ ડિસેમ્બર ૧૯૯૩ સુધી ભોંયરામાં પૂજા કરી હતી.

# લોકપાલે મહુઆ મોઈત્રા સામે CBI તપાસના આદેશ કર્યા

નવી દિલ્હી તા.૨૩

સંસદમાં પૈસા લઈને સવાલ પૂછવાના કેસમાં ઘેરાયેલા ટીએમસીના નેતા મહુઆ મોઈત્રાની મુશ્કેલીઓ ખતમ થવાનું નામ નથી લેતી. લોકપાલે હવે આ મામલામાં ટીએમસી નેતા વિરૂધ્ધ સીબીઆઈ તપાસના આદેશ આપ્યા છે. ત્યારબાદ નિશિકાંત દુબેએ ટ્વિટ કર્યું. મારી ફરિયાદને સાચી માનતા લોકપાલે મહુઆ મોઈત્રા વિરૂધ્ધ સીબીઆઈને તપાસ કરવાના આદેશ આપ્યા. તેમણે આગળ કહ્યું કે, સત્યમેવ જયતે. લોકપાલે સીબીઆઈને નિર્દેશ આપ્યા છે કે, ટીએમસીના પૂર્વ સાંસદ મહુઆ મોઈત્રા વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિરોધક કાનૂન અંતર્ગત મામલો નોંધીને તપાસ કરવામાં આવે. તેની સાથે જ લોકપાલે તપાસ એજન્સીને ૬ મહિનામાં રિપોર્ટ આપવા માટે કહ્યું છે. અહીં ઉલ્લેખનીય છે કે, સંસદીય પ્રશ્નો માટે રોકડ, આરોપ ઉપર એથિક્સ કમિટીની તપાસ બાદ પશ્ચિમ બંગાળના કૃષ્ણાનગર સંસદીય વિસ્તારથી સાંસદ રહી ચૂકેલા મોઈત્રાને ગત વર્ષે ૮ ડિસેમ્બરે સંસદના નીચલા ગૃહમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. મહુઆ મોઈત્રા ઉપર હીરાનંદાની તરફથી સવાલ પૂછવા બદલ રોકડ પ્રાપ્ત કરવાનો આરોપ લાગ્યો છે. લોકપાલે પોતાના આદેશમાં કહ્યું છે કે, જનપ્રતિનિધિના ખભા ઉપર વધુ જવાબદારી અને બોજ હોય છે. ભ્રષ્ટાચાર એ એક રોગ છે જે આર્થિક કામગીરીને પ્રતિકૂળ અસર કરી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનરજીએ આ વખતે કૃષ્ણનગર બેઠક ઉપરથી મહુઆ મોઈત્રાને ફરી લોકસભા ચૂંટણી માટે ઉમેદવાર બનાવ્યા છે. આ આદેશ ઉપર સીબીઆઈ સૂત્રોનું કહેવું છે કે, હજુ સુધી કેસ નોંધવામાં આવ્યો નથી, લોકપાલના આદેશને જોઈને આગળની કાર્યવાહી કરવામાં આવશે. કેસ નોંધતા પહેલા DoPT એક આદેશ જાહેર કરે છે જેના પછી CBI કેસ નોંધશે અને તપાસ શરૂ કરશે.

# “લોકોને જેલમાં ગોંધી રાખવા સતત ચાર્જશીટ ફાઈલ ના કરી શકાય” : સુપ્રીમ કોર્ટ

## આરોપી માટે ડિફોલ્ટ જામીન નકારવા અને અનિશ્ચિત સમય માટે જેલમાં રાખવા મામલે સુપ્રીમ કોર્ટ ખફા, તમે સતત પૂરક ચાર્જશીટ દાખલ કરી શકતા નથી



નવી દિલ્હી, તા.૨૩


સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને આરોપી માટે ડિફોલ્ટ જામીન નકારવા અને આવા લોકોને અનિશ્ચિત સમય માટે જેલમાં રાખવા માટે પૂરક ચાર્જશીટ દાખલ કરવા ઉપર સવાલ ઉઠાવ્યા છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની ખંડપીઠે કેન્દ્રીય એજન્સીને કહ્યું કે, આરોપીઓને ટ્રાયલ વિના અસરકારક રીતે જેલમાં રાખવાની આ પ્રથા સુપ્રીમ કોર્ટને પરેશાન કરી રહી છે. ઈડી તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુને જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, ‘મૂળભૂત જામીનનો આખો ઉદ્દેશ એ છે કે, જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમે (આરોપીની) ધરપકડ કરશો નહીં. તમે એમ કહી શકતા નથી કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાયલ શરૂ થશે નહીં. તમે પૂરક ચાર્જશીટ ફાઈલ કરવાનું ચાલુ રાખી શકતા નથી અને પછી તે વ્યક્તિ ટ્રાયલ વિના જેલમાં જ રહે છે.’ કોર્ટે જણાવ્યું કે, ‘આ કેસમાં વ્યક્તિ ૧૮ મહિનાથી જેલના સળિયા પાછળ છે. આ અમને પરેશાન કરી રહ્યું છે. કેટલાક કિસ્સામાં અમે તેને ઉઠાવીશું અને અમે તેના ઉપર તમારૂં ધ્યાન દોરીશું. જ્યારે તમે કોઈ આરોપીની ધરપકડ કરો ત્યારે ટ્રાયલ શરૂ થવી જોઈએ.’


વર્તમાન કાયદાઓ હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિ ડિફોલ્ટ જામીન માટે પાત્ર છે જો સત્તાવાળાઓ CrPC અથવા કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરવામાં અથવા અંતિમ ચાર્જશીટ દાખલ કરવામાં અસમર્થ હોય. કેસના સંજોગોને આધારે આ સમયગાળો કાં તો ૬૦ અથવા ૯૦ દિવસનો છે. કોર્ટે ગયા વર્ષે એપ્રિલમાં સમાન અવલોકન કર્યું હતું; જસ્ટિસ કૃષ્ણ મુરારી અને જસ્ટિસ સી.ટી. રવિકુમારની બેંચે કહ્યું હતું કે, ‘તપાસ પૂરી કર્યા વિના ધરપકડ કરાયેલ આરોપીને તેના ડિફોલ્ટ જામીનના અધિકારથી વંચિત કરવા માટે તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટ દાખલ કરી શકાતી નથી.’ સર્વોચ્ચ અદાલતનું નિર્ણાયક અવલોકન અનેક હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓને અસર કરી શકે છે જેમાં વિપક્ષી રાજકીય નેતાઓનો સમાવેશ થાય છે જેમની તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી છે અને જેલમાં રહ્યા છે જેઓ ટ્રાયલ આગળ વધ્યા વિના બહુવિધ આરોપો અને ચાર્જશીટનો સામનો કરી રહ્યા છે.


ઝારખંડમાંથી ગેરકાયદેસર ખાણકામના કેસ સાથે જોડાયેલા આરોપી દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી ઉપર સુનાવણી કરતી વખતે કોર્ટે આ અવલોકન કર્યું હતું. આરોપી પ્રેમ પ્રકાશ પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનનો કથિત સહયોગી છે જેની ઈડીએ ગયા મહિને મની-લોન્ડ્રિંગના આરોપમાં ધરપકડ કરી હતી. પ્રકાશને ગયા વર્ષે જાન્યુઆરીમાં ઝારખંડ હાઈકોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ તેણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી જેમાં કોર્ટે નોંધ્યું હતું કે, તેણે ૧૮ મહિના જેલમાં વિતાવ્યા હતા અને તેને ‘જામીનનો સ્પષ્ટ કેસ’ ગણાવ્યો હતો. આ માટે રાજુએ આરોપીઓને મુક્ત કરવામાં આવે તો પુરાવા અથવા સાક્ષીઓ સાથે ચેડાં થવાની ચિંતા વ્યક્ત કરી હતી પરંતુ કોર્ટને ખાતરી થઈ ન હતી. જસ્ટિસ ખન્નાએ તપાસ એજન્સીના વકીલને કહ્યું કે, ‘જો તે (પ્રકાશ) તેમાંથી કંઈ કરે તો તમે અમારી પાસે આવો.’ જસ્ટિસ ખન્નાએ તપાસ એજન્સીના વકીલને કહ્યું અને ઉમેર્યું કે, પણ ૧૮ મહિના જેલની પાછળ રાખવા ?’ સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ અથવા પીએમએલએની કલમ ૪૫ હેઠળ લાંબી જેલને કારણે જામીન મેળવવાનો અધિકાર આપવામાં આવી શકે છે, જો એવી પ્રાથમિક દ્દષ્ટિએ માન્યતા હોય કે આરોપીએ ગુનો કર્યો નથી અને તે સંભવિત નથી. જામીન ઉપર બહાર હોય ત્યારે કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરી ન શકાય. કોર્ટે કહ્યું કે, આ બંધારણના અનુચ્છેદ ૨૧માંથી બહાર આવે છે, જે વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારની વાત કરે છે. કોર્ટે AAPના વરિષ્ઠ નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનિષ સિસોદિયાની જેલવાસનો ઉલ્લેખ કર્યો જેમની ફેબ્રુઆરી ૨૦૨૩માં દારૂ નીતિ કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે કોર્ટે ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચ અને જસ્ટિસ ખન્ના સહિત સિસોદિયા દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ પિટિશનને ઓકટોબરમાં તેમની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. આ કેસમાં આરોપીએ ૧૮ મહિના જેલમાં વિતાવ્યા હતા તેની નોંધ લેતા કોર્ટે કહ્યું હતું કે, ‘બંધારણીય અધિકાર (કલમ ૨૧ હેઠળ) કલમ ૪૫ (PMLA) દ્વારા છીનવાઈ નથી. આ ખૂબ જ સ્પષ્ટ છે.’ જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, ‘મનિષ સિસોદિયાના કેસમાં પણ મેં કહ્યું હતું કે, ડિફોલ્ટ જામીન કંઈક અલગ છે. જો ટ્રાયલમાં વિલંબ થાય છે તો જામીન આપવાની કોર્ટની સત્તા છીનવી લેવામાં આવતી નથી.’ ડિફોલ્ટ જામીન અને પૂરક ચાર્જશીટ ઉપર સર્વોચ્ચ અદાલતના અવલોકનો વિપક્ષના આક્ષેપો વચ્ચે આવ્યા છે કે, ઈડી અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન જેવી કેન્દ્રીય એજન્સીઓ સત્તાધારી ભાજપના હરીફોને નિશાન બનાવે છે ખાસ કરીને ચૂંટણી પહેલા તેમને પક્ષમાં પ્રવેશવા માટે દબાણ કરે છે. CBI અને ઈડી સ્વતંત્ર છે અને તમામ ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી નાખવાના સરકારના સંકલ્પ તરફ કામ કરી રહી છે તેવો આગ્રહ કરીને ભાજપે આવા આક્ષેપોને ફગાવી દીધા છે. આખરે જો કે, પ્રેમ પ્રકાશને આજે વચગાળાના જામીન નકારવામાં આવ્યા હતા અદાલતે ટ્રાયલની પ્રગતિની ખાતરી કરવા માટે એક મહિના સુધી કાર્યવાહી હાથ ધરવાની વિનંતી સ્વીકારી હતી જે હવે દરરોજ હાથ ધરવામાં આવશે.

# વન્યસૃષ્ટિમાં રઝળપાટ કરીને લેવાયેલ માત્ર ૧૭ વર્ષના યુવાન ફોટોગ્રાફરના મનોરમ્ય ફોટોગ્રાફસનું એકઝીબીશન

## ૧૦ વર્ષથી શરૂ કરી આજ સુધીમાં વન્ય પશુ-પક્ષીઓના ૨૫૦૦૦ થી વધુ ફોટોગ્રાફસ કેમેરામાં કેદ કર્યા છે





જૂનાગઢ તા. ૨૩

માત્ર ૧૬-૧૭ વર્ષ ની વયે નાનો એવો યુવાન કેમેરા પકડે અને વન્યસૃષ્ટિની દુનિયામાં રઝળપટ્ટી કરી, વન્ય દુનિયામાં ખોવાઈ જઈ ને દુર્લભ તસવીરો-ફોટોગ્રાફ્સ માટે કેમેરા ક્લિક કરે ત્યારે આશ્ચર્ય સાથે આનંદ થાય. અમદાવાદના જ નવયુવાન ધર્માદિત્યસિંહ ચુડાસમાએ પોતાના શાળાકીય સમય દરમ્યાન ૮-૧૦ વર્ષની વયથી પક્ષીઓ અને વન્ય પશુઓના આજ સુધીમાં અંદાજે ૨૫૦૦૦ થી વધુ ફોટોગ્રાફસ-તસ્વીરો લઈને ફોટોગ્રાફીની દુનિયામાં આશ્ચર્ય સર્જયું છે. મધ્યપ્રદેશના સતપુરા, રાજસ્થાનના રણથંભોરમાં વાઘની અલભ્ય તસ્વીરો ઉપરાંત સાસણગીરમાં સિંહ, દિપડા, હરણ અન્ય પશુપંખી, સુરેન્દ્રનગર જિલ્લાના અંતરિયાળ એવા કચ્છના નાના રણના વિસ્તાર, નળ સરોવર, થોળ પક્ષી અભયારણ્ય, વેળાવદર, માતર તાલુકામાં આવેલ પરીએજ સરોવર જેવા અનેક વિસ્તારોમાં સવારથી સાંજ સુધી ભૂખ્યા-તરસ્યા સતત રઝળપાટ કરીને ધર્માદિત્યસિંહે પ્રોફેશનલ કેમેરાના સહારે વન્ય પશુ તથા પંખીઓ ના અસંખ્ય ફોટોગ્રાફસ ક્લિક કર્યા છે.

આ ઉત્કૃષ્ટ કક્ષાની રમ્ય તસવીરોમાંથી પસંદ કરાયેલી અલગ-અલગ તસ્વીરોનું ફોટો એક્ઝિબિશન ગુજરાત યુનિવર્સિટી સામે કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ ખાતે ગઈ કાલ તા. ૨૦ માર્ચના રોજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર શ્રી મુકેશ આચાર્ય અને એમિનન્ટ આર્ટિસ્ટ શ્રી ભરતભાઈ પંચાલના હસ્તે ખુલ્લું મુકાયું હતું.


આ ફોટો એક્ઝિબિશન સમારોહમાં પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અન્ય મહાનુભાવોએ ધર્માદિત્યસિંહ ચુડાસમાને આર્શીવચન સાથે શુભકામનાઓ પાઠવી હતી. આ વાઈલ્ડ લાઈફ ફોટો એક્ઝિબિશન ૨૩ મી માર્ચ સુધી સાંજના ૪ થી ૬ વાગ્યા દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

ધર્માદિત્યસિંહ ચુડાસમાએ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે આવેલી ડેલી કોલેજ ઈન્દોરમાં વર્ષ ૨૦૧૬ માં ચોથા ધોરણમાં પ્રવેશ મેળવ્યા બાદ પોતાના શૈક્ષણિક સમય બાદ કેમ્પસમાં આવેલ વૃક્ષોમાં મહાલતી પક્ષીઓની ૧૮૬ થી વધુ પ્રજાતિઓના નિરીક્ષણનો નાની એવી વિદ્યાર્થી વયે પ્રારંભ કર્યો અને નાના એવા સામાન્ય કેમેરાથી આ પક્ષીઓની તસ્વીરો લેવાનો પ્રારંભ કર્યો. રોજ ૨ થી ૩ કલાક દુર્ગમ વિસ્તારમાં ચાલીને પક્ષીઓની અલગ અલગ તસ્વીરો ખેંચતા ખેંચતા આ નાનકડો બાળક પક્ષીઓની દુનિયામાં એવો તો ખોવાઈ ગયો કે રાત્રે સપનામાં પણ પક્ષીઓ જ દેખાય. આટઆટલા રઝળપાટ છતાંય થાકનો અનુભવ નહીં, કારણ પૂછતાં ધર્માદિત્યસિંહે કહ્યું કે ફોટોગ્રાફીનો આનંદ જ એવો આવે, જેમાં થાકને ક્યાંથી સ્થાન હોય?

ફોટોગ્રાફીની દુનિયામાં ઈન્દોરના શાળાકીય જીવનથી નાના એવા સામાન્ય કેમેરાથી ફોટોગ્રાફીનો પ્રારંભ કરીને ધર્માદિત્યસિંહ આજે પ્રોફેશનલ નિવડેલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરની જેમ માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૪ થી ૫ કિલોગ્રામ વજન ધરાવતા પ્રોફેશનલ કેમેરામાં અવનવા, અદ્યતન લેન્સની મદદથી વન્ય સૃષ્ટિની અલભ્ય તસવીરો ખેંચતા થઈ ગયા છે. વન્ય સૃષ્ટિની તેમની તસ્વીરોમાં પ્રોફેશનલ કૌશલ્ય પણ પ્રતિબિંબિત થાય છે, તે તેમનું વિશિષ્ટ પાસું છે.

# એન્જલ હોબિઝોનના એક દાયકા પછી ૧૧ માં વર્ષે જૂનાગઢના સારામાં સારી એકડેમીમાં નામ સામેલ સાથે પુરસ્કાર પ્રાપ્ત કરેલ

## વિદ્યાર્થીઓની આવડત અને ઈચ્છા મુજબ એને હું આગળ વધારવા માંગીશ - સંચાલક શ્રુતિ સાંગાણી



જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢમાં છેલ્લા એક દાયકાથી સંચાલન કરતા રઘુવંશી પરિવારની દીકરી શ્રુતિ સાંગાણીએ પોતાના પગ પર સંઘર્ષ કરી અને પોતાની આવડત પર નાના નાના ભૂલકાઓથી માંડીને મોટા બાળકો સુધીનાને પોતાની કલા અને આવડત મુજબ આગળ વધારી અને બાળકોની ઈચ્છા મુજબ અવનવી સ્પર્ધામાં રૂચિ દાખવી અને જૂનાગઢનું નામ રોશન કરાવેલ કે ત્યાં એન્જલ એકેડેમી ખાતે સ્કેટિંગ, ક્રાફટ, ડાન્સ, ગરબા, કરાટે, સ્પોકન ઈંગ્લિશ, લગ્નના કપલ ડાન્સ જેવી અનેક પ્રવૃતિઓ થાય છે. અને માત્ર જૂનાગઢ નહિ પરંતુ ગુજરાત રાજ્ય લેવલે એન્જલ એકેડેમીએ નામ રોશન કરેલ છે.

એન્જલ હોબીઝોનના માલિક શ્રુતિ સાંગાણી જેમને એમ.બી.એ. (HR), સ્કેટિંગમાં ગુજરાત રાજય લેવલ ચેમ્પિયન રઈ ચૂકેલા છે, ઝુમ્બા સર્ટિફાઈડ કોર્સ કરેલ છે અને છેલ્લા સાત વર્ષથી જૂનાગઢના ગરબા ક્વીન અને નવ વર્ષથી જજ તરીકે સેવા આપે છે. અને એટલુ જ નહી પરંતુ એન્જલ હોબિઝોનના ભૂલકાઓ ડાન્સ રિઆલીટી શો ડાન્સ ડ્રીમ વોલ્યુમ- ૧ માં પણ ભાગ લઈ અને પુરસ્કાર મેળવી ચૂકેલ છે.

જયારે ઉનાળાના સમય દરમ્યાન સમર કેમ્પનું ભવ્ય આયોજન તથા નવરાત્રીના સમયગાળા દરમ્યાન કપલ ડાન્સ અને લગ્નને લાગતા ડાન્સ પણ શીખવાડવામાં આવે છે અને બીજી અનેક પ્રવૃતિઓ જૂનાગઢ એન્જલ હોબિઝોન ખાતે થાય છે.

### દ્વારકામાં હોળીના દિવસે કાનદાસબાપુ સેવક પરિવાર દ્વારા

# બહારથી પધારતા ભાવિકો માટે ચા-દૂધ-કોફી તથા અલ્પાહારનું નિઃશુલ્ક વિતરણ થશે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૩

યાત્રાધામ દ્વારકા ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશના જગતમંદિરમાં હોળી-ધુળેટીના તહેવારો ભકિતભાવપૂર્વક હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં ઉજવાશે હોળીના તહેવારને અનુલક્ષીને દ્વારકામાં પગપાળા આવતા ભાવિકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને હજારોની સંખ્યામાં પગપાળા યાત્રિકો દ્વારકા પહોંચવાની તૈયારીમાં છે. બહારથી પધારતા યાત્રિકોને શહેરમાં કોઈ અગવડ ના પડે તે માટે શ્રી કાનદાસબાપુ સેવક પરિવાર, શાક માર્કેટ ગ્રુપ દ્વારકા દ્વારા આગામી તા ૨૪/૦૩/૨૦૨૪ ને રવિવારના રોજ હોળી ઉત્સવ પ્રસંગે સેવાકીય નિઃશુલ્ક વ્યવસ્થાઓ શહેરના શાકમાર્કેટ ચોક બંગાળ ધર્મશાળા પાસે ગોઠવવામાં આવેલ છે.

તા ૨૪ મીએ સવારે ૭:૦૦ કલાકે શ્રી દ્વારકાધીશજીનું પૂજન તથા ગુરૂપૂજન તેમજ સવારે ૭:૦૦ થી રાત્રીના ૧૧:૦૦ વાગ્યા સુધી ચા-દુધ -કોફી તથા અલ્પાહાર નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે તેમજ રાત્રે ૯:૦૦ કલાકે હોળી માતાનું પૂજન તથા હોળી ઉત્સવ ઉજવવામાં આવશે. તો આ સમગ્ર કાર્યક્મો તથા નિઃશુલ્ક અલ્પાહાર નો લાભ લેવા ભાવિકોને મહંત શ્રી ધર્મ ભુષણ સંતશ્રી રાજેન્દ્રદાસ બાપુ ગુરૂશ્રી કરશનદાસ બાપુ (નંકલક ધામ તોરણીયા) દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે. નોંધનીય બાબત છે કે ઉપરોક્ત ધાર્મિક સંસ્થા દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી હોળી-ધુળેટી તહેવારો દરમ્યાન બહારથી પધારેલા ભાવિકો માટે ચા-દૂધ-કોફી તથા ફળાહારની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવે છે અને ભાવિકોને મદદરૂપ થવાના શક્ય તેટલા પ્રયાસો કરવામાં આવે છે.

# લોકસભાની ચૂંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખકાર્ડ ઉપરાંત અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય રહેશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી, પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.

રાજયની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે તા. ૭ મે ના રોજ મતદાન થશે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC ની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જે દસ્તાવેજ રજૂ કરીને પણ મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક કે પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઈ. દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર કે રાજ્ય સરકાર કે જાહેર ક્ષેત્ર ઉપક્રમો અને જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો-ધારાસભ્યો-વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ Unique Disability ID(UDID) કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે. વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય, તો તેઓએ મતદાન મથકે ફક્ત "અસલ પાસપોર્ટ" રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ ૧૦ તથા ૧૨ બોર્ડની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષાઓના સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયોના પેપરો હાલ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ ગયા છે. જિલ્લામાં કોઈ ગેરરીતિ કે કોપી કેસ જેવા બનાવ નોંધાયા નથી. હવે માત્ર વૈકલ્પિક પરીક્ષાઓ જ બાકી રહી છે.

જિલ્લાના પરીક્ષા સમિતિના પ્રમુખ તથા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા દ્વારા બોર્ડની પરીક્ષાઓ અંગેનું સફળ આયોજન કરીને જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો પર તમામ મુખ્ય વિષયોમાં ત્રીજી આંખની જેમ વર્ગ-૨ તથા વર્ગ- ૩ ના ઓબ્ઝર્વરો, ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, ચીફ ઓફિસર દ્વારા સતત મોનિટરિંગ, આ અંગેના સૂચનાઓ-સૂચનો તેમજ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત, તમામ પરીક્ષા કેન્દ્રો પર જરૂર પડ્યે ૧૦૮ ની વ્યવસ્થા, જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ પરીક્ષા સ્થળ સંચાલકોને તાલીમ, ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ ના ઝોનલ અધિકારીઓ દ્વારા સમયસર સાહિત્ય પહોંચાડવું, વિતરણ તેમજ કલેક્શન કરવું, તથા તમામ કેન્દ્ર પર વીજળી, પંખા,લાઈટ, પાણી સહિતની વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે કરાઈ હતી. જેથી ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં હાલ મુખ્ય વિષયો પૂરા થયા છે. જેમાં એક પણ કેન્દ્રમાં કોપી કેસ જેવી ગેરરીતિ થવા પામી ન હતી.

જિલ્લામાં બોર્ડની ફ્લાઈંગ સ્કવોડ પણ ચેકિંગ અર્થે આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજાએ તમામ પરીક્ષા સ્થળોની જાત મુલાકાત લીધી હતી. પરીક્ષા દરમિયાન બીમાર થયેલા તેમજ મુશ્કેલીમાં મુકાયેલા વિદ્યાર્થીઓ માટે તુરંત જ ખાસ વિશિષ્ટ સગવડ અને વ્યવસ્થા કરાવવામાં આવી હતી. જે પણ પ્રશંસારૂપ બની રહી હતી.

# • રમઝાન મુબારક •




## આ ગુલામ કોણ ખરીદશે ?

અલ્લાહના રસૂલના ઉચ્ચ નૈતિકતાનું એક પાસું એ હતું કે તેઓ એવા સામાન્ય માણસને પણ સન્માન અને પ્રતિષ્ઠા આપતા હતા જેનું સમાજમાં કોઈ વિશેષ મહત્વ નહોતું. તૂબા આરબનો પ્રખ્યાત કબીલા બનુ ગતફાનની એક શાખા છે. આ આદિજાતિ પ્રાચીન કાળથી મદીના તૈયબાની નજીકમાં વસતી હતી.

આ કબીલાનો એક ગામડિયો, ઝહીર બિન હરમ બરનામા, મદીનાથી થોડા અંતરે રહેતો હતો. તે ખૂબ જ ગરીબ વ્યક્તિ હતો, દેખાવમાં બહુ સુંદર ન હતો, પરંતુ તેનો એક મહત્વનો ગુણ એ હતો કે તે અલ્લાહના રસૂલને ખૂબ પ્રેમ કરતો હતો અને અલ્લાહના રસૂલ પણ તેને ખૂબ પ્રેમ કરતા હતા. જ્યારે પણ ઝહીર બિન હરમ મદીના તૈયબા આવતા, ત્યારે અલ્લાહનાં રસૂલ માટે તાજા શાકભાજી, ફળો, સત્તુ અને અન્ય વસ્તુઓ ભેંટ સ્વરૂપે લઈને આવતા. એક દિવસ અલ્લાહના રસૂલ એ કહ્યું, "ઝહિર અમારો ગ્રામીણ મિત્ર છે અને અમે તેના શહેરી મિત્ર છીએ.''

એક વખત એવું બન્યું કે ઝહીર ગામડાનાં કેટલાક લોકોને પોતાની સાથે મદીના તૈયબા લઈ ગયો. તે બજારમાં આવ્યો અને એક જગ્યાએ ઊભો રહીને પોતાનો સામાન વેચવા લાગ્યો, વ્હાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પાછળથી તેમની આંખો પર પોતાના મુબારક હાથ મૂકી દીધાં.

તે ગભરાઈને કહેવા લાગ્યા કોણ છે પરંતુ જયારે તેણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક હાથની નાજુકતા અનુભવી ત્યારે તે જાણી ગયા કે તેમની પાછળ કાયનાતનાં ઈમામ ઉભા છે. તેણે તક ઝડપી લીધી અને અલ્લાહના રસૂલની છાતી સાથે પોતાની પીઠને સ્પર્શ કરવાનું શરૂ કર્યું.

અલ્લાહના રસૂલ પ્રેમભર્યા અંદાજમાં કહ્યું: "લોકો! આ ગુલામને કોણ ખરીદશે?" ઝહિરે પણ પ્રેમભર્યા અંદાજમાં કહ્યું: મારા જેવા કાળા વસ્ત્રોવાળા ગંવારને ખરીદીને કોઈ શું કરશે? તેને મોટી ખોટ જશે. હું એક નકામો વ્યક્તિ છું. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ જવાબમાં કહ્યું, "પ્રિય! એવું ના બોલો, તમે નકામા નથી. તમે અલ્લાહ અને તેના રસૂલને પ્રેમ કરનારા છો, તમે તો બહુ મૂલ્યવાન છો.

| | |
|---|---|
| રોઝા | - ૧૨ શનિવાર |
| ઈફતાર | - ૭ : ૦૪ |
| રોઝા | - ૧૩ રવિવાર |
| શહેરી | - ૫ : ૩૫ |

## પ્રાણીઓ પ્રત્યે દયા

એક વખતની વાત છે. એક સહાબી રદિ. ક્યાંક જઈ રહ્યાં હતાં. થોડેક દૂર એક ઝાડી મળી. ઝાડીમાંથી તેમણે ચીં-ચીં જેવો અવાજ સાંભળ્યો. અવાજ સાંભળી તેઓ ઝાડીની અંદર ગયા. ત્યાં જોયું તો ચકલીના નાના-નાના બચ્ચાં હતાં જેઓ હજુ ઊડી પણ શકતા ન હતાં. બચ્ચા જોઈ સહાબી ઘણાં ખુશ થયાં. ઝડપથી બધાં બચ્ચાંને ચાદરમાં છુપાવીને ઝાડીમાંથી બહાર આવ્યાં, હજી ઝાડીમાંથી બહાર નીકળ્યા જ હતા કે ચકલી બચ્ચાં માટે દાણા લઈને આવી પહોંચી. બચ્ચાં ચાદરમાં ચીં-ચીં કરી રહ્યાં હતાં. ચકલી સમજી ગઈ કે આ જ માણસ મારા બચ્ચાં લઈ જઈ રહ્યો છે. તે ઘણી બેચેન થઈ. અને તે સહાબી રદિ.ની આસપાસ ચક્કર મારવા લાગી. સહાબી રદિ.ચકલીના કાગારોળની પરવા કર્યા વગર ત્યાંથી સીધા વહાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયાં.

ચકલીના આટલા નાના નાના બચ્ચાં જોઈ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દયા આવી. પૂછ્યું: ''આ બચ્ચા ક્યાંથી મળ્યા?'' સહાબી રદિ. એ બધી હકિકત કહી સંભળાવી. વહાલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણાં દયાળુ હતા. બચ્ચાંને માંની પાસેથી છીનવી લઈ આ રીતે માં તેમજ બચ્ચાંને હેરાન કરવાનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શી રીતે સહન કરી શકે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''જાઓ ! આ નાના બચ્ચાંને પાછા ત્યાં જ મૂકી આવો.'' સહાબી રદિ. ગયા અને બચ્ચાં જ્યાંથી લાવ્યાં હતાં ત્યાં જ મૂકી આવ્યાં.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલોપમેન્ટ એક્ટ અંગેની જાણકારી

## MSMED ACT 2006ની જોગવાઈ, કાયદા અંગે સમજ, યોજનાઓ, ફાયદા-ગેરકાયદા સહિતની વિસ્તૃત છણાવટ

### ૧) MSME કાયદા અંગેની સમજ

૧.૧) **MSMED Act 2006**, એટલે **MICRO, SMALL and MEDIUM ENTERPRISES DEVELOPMENT ACT**, ૨૦૦૬ જે તા: ૦૨-૧૦-૨૦૦૬ થી લાગુ કરવામાં આવ્યો છે. ૧.૨) ભારતમાં રજિસ્ટર્ડ સ્જીસ્ઈ એકમોની સંખ્યામાં ૬૩૩.૯ લાખ છે જેમાંથી ૬૩૦.૫ લાખ એટલે કે ૯૯%થી પણ વધારે **MICRO** એકમો નોંધાયેલા છે, જેઓ **GDP**માં આશરે ૩૦% યોગદાન આપે છે. વર્ષ ૨૦૨૨ ના આંકડા મુજબ આવા એકમોનું દેશના નિકાસમાં ૫૦% યોગદાન રહ્યું છે અને તેમાં પ્રતિવર્ષ ૩૭%નો નોંધપાત્ર વધારો જોવાઈ રહ્યો છે. તેઓ ભારતમાં લગભગ ૧૧૦ મિલિયન લોકોને રોજગારી આપે છે. પ્રાદેશિક અસંતુલનમાં ઘટાડો કર્યો છે તેમજ રાષ્ટ્રીય આવક/સંપત્તિમાં વધારો કરી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેથી, **MSMED Act 2006** મુજબ ઉત્પાદન અને સેવા ક્ષેત્રના/ **MICRO** તેમજ **SMALL** એવા તમામ સાહસિક એકમોને સરકારી પ્રોત્સાહનો પ્રાપ્ત કરવામાં અને વિવિધ સરકારી યોજનાઓ સુધી પહોંચવામાં મદદરૂપ થવાનો મુખ્ય હેતુ રખાયો છે.

૧.૩) **MSMED_Act 2006**ની **Section 7** મુજબ વિવિધ એકમોની વ્યાખ્યા: સમયાંતરે

**MSMED** એકમોની વ્યાખ્યા બદલાતા છેવટે તારીખ:૨૬-૦૬-૨૦૨૦ **we.f.**-૦૧- ૦૭-૨૦૨૦ થી નીચે મુજબની કેટેગરીઓ આલેખવામાં આવી, જેની બંને શરતોની સંયુક્ત રીતે અમલવારી થવી જોઈએ.

| As per Sec. 7 of MSMED Act | માઇક્રો (લઘુ) (Rs.) | સ્મોલ (નાના) (Rs.) | મીડિયમ (મધ્યમ) (Rs.) |
|---|---|---|---|
| પ્લાન્ટ/મશીનરીમા રોકાણ અને | ૧ કરોડ સુધી | ૧૦ કરોડ સુધી | ૫૦ કરોડ સુધી |
| વાર્ષિકટર્નઓવર | ૫ કરોડ સુધી | ૫૦ કરોડ સુધી | ૨૫૦ કરોડ સુધી |

૧.૪) **MSMED ACT, 2006**ની **Section 15**માં ડ્વૈ **Date** એટલે કે પેમેન્ટ માટેની મુદતી તારીખ અંગેની વ્યાખ્યા જોવા મળે છે. **MICRO/SMALL** કેટેગરીના વેપારીના ધંધા/વ્યવસાયની ઉઘરાણીના નાણાં સુનિશ્ચિત સમયમાં મળી રહે તેમજ સંરક્ષિત કરવા માટે વિશેષપણે આ જોગવાઈઓ બનાવવામાં આવી છે. જે નીચે મુજબની છે:

| કરાર સહિત/કરાર વિના | મુદતી તારીખ (Due Date) | MSMED ACT ની Section 15 મુજબ મુદતી તારીખ |
|---|---|---|
| જો લેખિત કરાર હોય તો... | જો કરાર માં તારીખ નો ઉલ્લેખ કરવામા આવ્યો હોયતો... | જો લેખિત કરાર માં ૪૫ દિવસ કે તેથી વધુ ની મુદત રાખવામા આવી હોય તો એવા સંજોગોમાં વધુમાં વધુ મુદતી દિવસ ૪૫ જ ગણાશે |
| જો લેખિત કરાર હોય પણ ... | જો કરાર માં તારીખ નો ઉલ્લેખ કરેલ નહીં હોયતો... | ૧૫ દિવસ ગણાશે |
| જો લેખિત કરાર નહીં હોય તો... | NA | ૧૫ દિવસ ગણાશે |

૧.૫) **MSMED ACT, 2006**ની **Section 16** ખરીદદાર દ્વારા **MSME** ને વિલંબિત ચુકવણી સાથે સંબંધિત છે. આ કલમ મુજબ જો કોઈ ખરીદદાર તેમના સપ્લાયરને રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં સપ્લાયરને "ચક્રવૃદ્ધિ વ્યાજ" ચૂકવવા માટે જવાબદાર થાય છે. **MSMED ACT**, ૨૦૦૬ મુજબ જે રકમ ઉપર દર્શાવ્યા મુજબના ૧૫/૪૫ દિવસ પછી ચૂકવવામાં આવશે તો જે તે **OUTSTANDING/ PAYMENT AMOUNT** પર રીઝર્વ બેક્ક દ્વારા નિર્ધારીત બેક્ક રેટ થી ત્રણ ગણા દરે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે **PAYMENT** કરવાની જવાબદારી થાય છે.

૧.૬) **MSMED Act 2006**ની **Sec2(e)**માં **"Enterprise"** ની વ્યાખ્યા મુજબ –

એવું ઔદ્યોગિક ઉપક્રમ અથવા વ્યાવસાયિક સેવાઓ પ્રદાન કરતું એકમ જે કોઈપણ નામથી ઓળખાય છે. કોઈપણ રીતે, કોઈપણ ઉદ્યોગોને લગતી માલના ઉત્પાદન અથવા ઉત્પાદનમાં રોકાયેલા હોય એવા ઈન્ડસ્ટ્રીઝ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૧ ની પ્રથમ સૂચિમાં ઉલ્લેખિત હોય અથવા કોઈપણ સેવાઓ પ્રદાન કરવામાં અથવા પ્રસ્તુત કરવામાં રોકાયેલ હોય.... એવું એકમ ૧.૭) આ **"Enterprise"** ની વ્યાખ્યાની સમજ એટલા માટે અહી જરૂરી બને છે કારણકે આ જ વ્યાખ્યાની સમજણના આધારે **MSMED Act**ની બીજી અન્ય ઘણી જોગવાઈઓનો આધાર તેમજ મૂળમાં રહેલી સમજ ઊભરી આવે છે.

૧.૮) **"Enterprise"** ની વ્યાખ્યા ઉત્પાદન કરનાર **(Manufacturing)**/સેવા આપનાર **(Service provider)** સીમિત છે.

**MICRO** (લઘુ) અથવા **SMALL** (નાના) એકમો પૂરતી જ

૧.૯) અહી **"TRADER"** કે ટ્રેડિંગ યુનિટની કોઈ પરિભાષા સમજાવવામાં આવી નથી. ૧.૧૦) **MSMED ACT, 2006** કાયદામાં **"ENTERPRISE"**ની વ્યાખ્યામાં મેન્યુફેકચરો

(ઉત્પાદન કરતાં એકમો) નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને "ટ્રેડર" કેટેગરીના એકમોને (બેક્ક લોન સિવાયના) તમામ **MSME**ના લાભોથી વંચિત રાખવામા આવ્યા છે.

૧.૧૧) **MSMED ACT, 2006** કાયદા હેઠળ **"Supplier"** ની વ્યખ્યામાં - માઈક્રો(લઘુ) ર સ્મોલ(નાના) એકમો જ આવરી લેવામાં આવ્યા છે અને તેમાં **Manufacturer/ Jobworker/Service provider** એવા હર કોઈ રજિસ્ટ્રેશન મેળવી શકશે. અહીં યાદ રહે કે **"TRADER"** કેટેગરીના એકમને પણ **MSME Regi.** મળી શકે પરંતુ તે ફક્ત બેક્ક લોન **(Priority Sector Lending)** પૂરતું સીમિત રહેશે, અન્ય કોઈ **MSMED**

### ૨) INCOME TAX હેઠળ MSME એકમો માટે લાભદાયી જોગવાઇઓ

૨.૧) **BUDGET-2023**માં **MSME**-માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈસ પાસેથી કરેલ ખરીદીઓ

તથા મેળવેલ સેવાઓ પેટે થતી ચુકવણી માટેના નિયમોને આવકવેરા કાયદામાં

આવરી લીધા છે. આ માટે નવી કલમ ૪૩બી(એચ) ઉમેરવામાં આવેલ છે.

૨.૨) **NEW SECTION - 43B**(૨) **OF THE INCOME TAX 1961 -APPLICABILE FROM - FY 2023-24 (A.**રૂ. ૨૦૨૪-૨૫**) - w.e.f. 01-04-2023 - APPLICABLE TO ALL ASSESSEE**

૨.૩) કલમ **43B(h)** નો નવો નિયમ તારીખ ૦૧/૦૪/૨૦૨૩ થી અમલમાં છે. આ કલમ

મુજબ આપે કરેલ ખરીદીઓ તથા લીધેલ સેવાઓ આપનાર એકમ, જો **MSMED ACT 2006** હેઠળ રજિસ્ટર્ડ હોય અને માઈક્રો કે સ્મોલ કેટેગરીમાં આવતું હોય તો તેમને ફરજિયાતપણે **"DUE Date"**માં જ પેમેન્ટ કરવું પડશે.

૨.૪) વધુ માં ઉપર મુજબ **MSME UNIT** ને ૧૫/૪૫ દિવસ થી મોડુ ચૂકવણું કરવા પર જે **LATE PAYMENT INTEREST** ચૂકવવામાં આવે છે તે **INTEREST** ને ખર્ચ તરીકે બાદ મળશે નહીં અને **INCOME TAX** રિટર્નમાં **DIS-ALLOW** થશે.

| ઉદાહરણ-૧ | ઉદાહરણ-૨ |
|---|---|
| ખરીદી 10.00 lacs - 01-01-2024<br>Due 45 days<br>પેમેન્ટ કરવાની આખરી તા: 15-02-2024 | ખરીદી 10.00 lacs–16-03-2024<br>Due 45 days<br>પેમેન્ટ કરવાની આખરી તા: 30-04-2024 |
| શક્યતાઓ:<br>1. જો 31-03-2024 પહેલા ગમે ત્યારે પેમેન્ટ કરવામાં આવશે તો Income Tax કાયદા મુજબ કોઈ "Disallowance" થશે નહીં.<br>2. જો 31-03-2024 ના રોજે આ 10.00 lacs unpaid રહેશે, તો Income Tax કાયદા મુજબ "Disallowance" થશેજ. | શક્યતાઓ:<br>1. જો 30-04-2024 પહેલા ગમે ત્યારે પેમેન્ટ કરવામાં આવશે તો Income Tax કાયદા મુજબ કોઈ "Disallowance" થશે નહીં.<br>2. 30-04-2024 પછી જે કોઈ તારીખે ચૂકવાશે તો F.Y.2023-24માં Disallow થઈ આવકમાં ઉમેરાઈ જશે પણ F.Y.2024-25માં "allow" થશે એટલે કે બાદ મળશે. |

### ૩)કોને લાગુ પડશે અને કોને નહીં?

૩.૧) આ કાયદો નાનામાં નાના વેપારીથી લઈને કોર્પોરેટ કંપનીઓ, સરકારી/અર્ધસરકારી કચેરી, **PSU** એવા તમામ એકમોને લાગુ પડે છે.

૩.૨) **MSME** એકમોને કાયદા હેઠળ રજીસ્ટ્રેશન મેળવ્યું હશે કે નહીં – **(Registered or Unregistered)** એવા બધા એકમોને લાગુ પડશે.

૩.૩) **Corporate/Non-Corporate** બધાને લાગુ પડશે.

૩.૪) તમારું એકમ **Income Tax** કાયદા હેઠળ **Audit**ને આધીન છે કે **Non-Audit**વાળું એકમ છે..... હરકોઈ એકમને લાગુ પડે છે.

૩.૫) જે વેપારી પોતાના ધંધા/વ્યવસાય માટે જો **MICRO/ SMALL** એકમ પાસેથી માલની ખરીદી કરે સેવા મેળવે છે તેવા હરકોઈ વેપારીને આ કાયદો સ્પર્શે છે. મતલબ કે જો વેપારીએ માલ/સેવા પેટે **MICRO/SMALL** એકમને નાણાં ચુકવવાના થતાં હોય તો તેણે આ કાયદા હેઠળ ની સમય મર્યાદા (૧૫/૪૫ દિવસ) માં ચૂકવણું કરવું અનિવાર્ય બનશે.

૩.૬) જો ઉપરોક્ત સમયમર્યાદામાં જો પેમેન્ટ કરવાનું ચૂકી જશો તો **Income Tax** કાયદા ની કલમ **43B(h)** જોગવાઈઓનું ધ્યાન રાખવું પડશે.

૩.૭) ઘણા વેપારી એવી ગેરસમજમાં છે કે **"TRADER"** કેટેગરીને **MSME**નો કાયદો લાગુ નથી. અહીં એ સમજવું જરૂરી બને છે કે **TRADERS** જે માલ વેચે છે તે માલ પેટેની **Due date** તેઓ નક્કી કરી શકે છે પણ **TRADERS** જે **MICRO/SMALL** કેટેગરીના વેપારીઓ પાસેથી માલ/સેવા પેટે ખરીદી કરે છે તેનું પેમેન્ટ **Due date**માં જ કરવું પડશે.

### ૪) માલ/સેવા ખરીદનાર (BUYER)ની જવાબદારીઓ

૪.૧) સૌ પ્રથમ દરેક વેપારીએ પોતાના **Supplier** ને (જેમની પાસેથી તમે માલની ખરીદી કરો છો/સેવા મેળવો છે) **"written communication"** એટલે કે લેખિતમાં સંદેશા-વ્યવહાર/**E-mail** કરીને હરકોઈ **Supplier** પાસેથી તેમનો **MSME** રજીસ્ટ્રેશન નંબર એટલે કે **Udyam Regi,** સર્ટિફિકેટની કોપી મેળવવી પડશે. તેના પરથી વેપારીને પોતાના **Supplier**ની કેટેગરી જેમકે, **MICRO/SMALL/ MEDIUM fu TRADER** કે રજિસ્ટર્ડ/અનરજીસ્ટર્ડ છે એમ માલમ પડશે,

૪.૨) **Supplier** સાથે જો લેખિત કરાર નહીં હોય તો કરી લેવો અથવા તેના બીલમાં પેમેન્ટની **Due Date** અંગેનો ઉલ્લેખ કરાવવો.

૪.૩) માલ અંગેની કોઈપણ ફરીયાદ હોય કે માલ રીટર્ન કરવાનો થાય તો કેટલા દિવસમાં માલ રીટર્ન કરવો/ફરીયાદ કરવી એની પણ ચોખવટ કરી બીલમાં જ દિવસો લખાવી લેવા જોઈએ.

૪.૪) દરેક વેપારીઓએ પોતાના **Accounting Software** માં જેમ **supplier** નું નામ/**PAN/GST/** સરનામું વિ. વર્ણનની ૧ેહંઅિ કરાય છે તે જ પ્રમાણે **supplier™e** કેટેગરી તેમજ તેનો **udyam regi** નંબર **™e entry** કરવી અનિવાર્ય બની રહેશે.

૪.૫) જે વેપારીના ચોપડા **Audit**ને આધીન હોય તેઓએ **Micro & Small loll creditors** અને અન્ય **creditors** એમ બે વિભાગમાં વિભાજિત કરેલું **list, Auditors**ને આપવું ફરજીયાત થશે.

### ૫) માલ/સેવા વેચનાર (SELLER)ના હક્ક તથા જવાબદારીઓ

૫.૧) સૌ પ્રથમ તો જે કોઈ વેપારીએ **MSME** નંબર મેળવ્યો નથી તેઓને ભારપૂર્વક ભલામણ કે તેઓએ પોતાના એકમનો **MSME** નોંધણી નંબર તાકીદે મેળવી લેવો.

૫.૨) ખાસ ધ્યાન રાખવાનું કે જે કેટેગરીમાં તમારું એકમ પડતું હોય તે જ કેટેગરીમાં **MSME** નોંધણી કરાવવી. સરકારશ્રીને પોતાની માહિતી છુપાવી ને ખોટી માહિતી આપવી કાનૂની રીતે ગુનાને પાત્ર થાય છે.

૫.૩) એકવાર તમે **MSME** નંબર મેળવો છો, પછી દર વર્ષે તમારા **PAN/GST** નંબર ના આધારે તમારી કેટેગરી, વેચાણના આંકડા, **Plant/Machinery** ની **WDV** ના આંકડા વિ. **MSME** ડિપાર્ટમેન્ટ તરફથી **Auto-populate** થઈને તમારી કેટેગરીનો ઉલ્લેખ થતો રહેશે.

૫.૪) **MSME** નંબર મેળવ્યા પછી તમારે તમારા તમામ વેપારીઓને એની જાણકારી લેખિતમાં આપવી સલાહભર્યું રહેશે

૫.૫) તમારા માલ વેચાણ કે સેવા આપવા અંગે જો કોઈ લેખિત કરાર નથી કર્યો તો તે કરી લેવો.

૫.૬) પ્રવર્તમાન પરિસ્થિતીના સાવચેતી રૂપે **MSME** રજિસ્ટર્ડ વેપારીઓએ પોતાના વેચાણ બીલ/**INVOICE** માં નીચે વર્ણવેલી વિગતોનો ઉમેરો કરવો –

૧, **MSME** નંબર ૨. **MSME** ની કેટેગરી લખવી - **Micro/Small/Medium/Traders** ૩. પેમેન્ટ ટર્મ્સ / **Due Date** / ક્રેડિટ પિરિયડ લખવો. ૪. **Due Date** પછી **LATE** પેમેન્ટ પર ૦% વ્યાજ લાગશે, એવો ઉલ્લેખ પણ કરવો. ૫. જો કોઈ સંજોગોમાં માલ અંગે ફરીયાદ કે માલ રિટર્ન કરવાનો થાય તો વેચાણ કર્યાના કેટલા દિવસમાં માલ રિટર્ન કરવો તે અંગે દિવસની સ્પષ્ટતા કરવી. ૬. માલ અંગેની કોઈપણ ફરીયાદ માટે "લેખિત સ્પષ્ટતા"**(written communication)**। અનિવાર્ય રહશે. આટલું કરવાથી પ્રત્યક્ષપણે તમારા એકમની **MSME**માં નોંધણી છે તે પેમેન્ટ ટર્મ્સનો ઉલ્લેખ થયેલો ગણાશે. (જો લેખિત કરાર નહીં થયો હોય તો તે સંજોગોમાં)

૫.૭) જો ઉપરોક્ત વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ તમારા વેચાણ બીલ કે વેચાણ અંગેના કરારમાં હશે તો તેનો સીધો લાભ તમને માલનું પેમેન્ટ નહીં મળે તેવા સંજોગોમાં **MSME SAMADHAN SCHEME** માં જ્યારે દાવો દાખલ કરો ત્યારે થશે

### ૬) MSME એકમોના ફાયદા/ગેરફાયદા

૬.૧) **MSME** એકમોને મહત્તમ લાભ મળે એવા શુભઆશયથી સરકારશ્રીએ આ કાયદાનું

અનુપાલન ચોક્કસપણે કરાવવું જ છે તે માટે...

તેઓના ઉત્કૃષ્ટ પ્રયાસોની ઝાંખી નીચે જણાવેલા ફાયદા માં જણાશે:

- માલ/સેવા પેટેના નાણાં ૧૫/૪૫ દિવસમાં મેળવવાની જોગવાઈ
- બેંક લોન માં સિક્યુરિટી માં રાહત
- પેટેન્ટ, ટ્રેડ માર્ક ની રજીસ્ટ્રેશન ફી માં રાહત
- **Priority Sector lending (OD/CC** વગેરે બેંક લોન માં વ્યાજ દર માં રાહત)
- મોડું પેમેન્ટ અથવા તો પેમેન્ટ નહિ કરવા વાળા વેપારીઓથી રાહત
- **MSME Samadhan Scheme** હેઠળ **MICRO/SMALL** એકમોના નાણાંની સુરક્ષા
- પાવર સબસિડી
- **ISO** રજીસ્ટ્રેશન ફી માં રાહત
- એક્ઝિબિશન, સ્ટોલ ના ભાડા માં સબસિડી
- **Rating agencies (Performance and Credit Rating Sch) NSIC**
- **TReDS**- ટ્રેડ રિસિવેબલ ઈ ડિસ્કાઉન્ટ સિસ્ટમમાં નોંધણી
- **GeM** - ગવર્મેન્ટ ઈ માર્કેટ પ્લેસ પર નોંધણી
- **ZED (ZERO EFFECT – ZERO DEFECT)** અંગેનું ગવર્મેન્ટમાં રજીસ્ટ્રેશનમાં સબસિડી
- **Institutional Arrangements - SIDBI/ SME Finance**
- **Emerging Sources Finance:**
  **- Primary/Secondary Market - Venture Capital- Private Eq./ECB/Factory**
- **Credit Guarantee Scheme (CGTMSE)**
- **Technology-For Competitive technology;**
  **Tools and Training Center** હેઠળ **training**
  **IS09000/14001 fee-Reimbursement (upto 75%)**
  **MSME Cluster Development Program - CLCSS upto 15%**

૬.૨) ઉપર વર્ણવેલા તમામ લાભ **(Benefits) Udyam Registration/MSME** નંબર ધારક **"MICRO** અથવા **SMALL - (Manufacturing/Service)"** કેટેગરીના એકમોને જ મળવાપાત્ર છે.

૬.૩) **Trader/Medium/Unregistered** કેટેગરીને આવા કોઈ લાભ મળશે નહીં.

(નોંધ: **Trader** કેટેગરીને ફક્ત **Priority Sector Lending** પૂરતું જ રજીસ્ટ્રેશન આપવામાં આવતું હોય તેમને 'બેક્ક લોન' માં વ્યાજ રાહત પૂરતો લાભ મળશે)

૬.૪) ઉપરોક્ત વિગતો જોતાં કોઈ **MSME** નોંધણી નંબર મેળવવાથી લાભ જ લાભ જણાય છે કોઈ ગેરલાભ દેખાતો નથી.

### ૭) MSME SamadhanYojna

૭.૧) જે વેપારીએ **"MICRO"** કે **"SMALL"** કેટેગરીમાં હોય અને **MSMED ACT, 2006**નું રજિસ્ટ્રેશન મેળવ્યું હોય તો જ્યારે ઉઘરાણી/પોતાનું પેમેન્ટ ફસાય છે ત્યારે તે **"MSME SAMADHAN"** યોજના હેઠળ દાવો રજૂ કરી શકે છે.

૭.૨) દાવાની રકમમાં "મુદ્દલ રકમ **Due Date** પછીનું ચઢતું વ્યાજ" રીઝર્વ બેક્ક દ્વારા નિર્ધારીત બેક્ક રેટ થી ત્રણ ગણા દરે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે **PAYMENT** મેળવી શકાય છે.

૭.૩) **NEGOTIABLE INSTRUMENT ACT,** હેઠળ ચેક રિટર્ન થાય તો તેવા સંજોગોમાં જ દાવો કરી શકાય જ્યારે **"MSME SAMADHAN"** યોજનામાં **TRADER** સિવાયના **"MICRO"** તથા **"SMALL"** કેટેગરીમાં હોય એવા રજિસ્ટર્ડ વેપારીઓની જ્યારે ઉઘરાણી ફસાય છે ત્યારે તે **"MSME SAMADHAN"** યોજના હેઠળ દાવો રજૂ કરી શકે છે, અહીં ચેક રિટર્ન થયા પછી જ દાવો દાખલ થાય એવી કોઈ જોગવાઈ નથી.

૭૪) વધુમાં **"MSME SAMADHAN** યોજનાના ચુકાદાને પડકારવા સૌપ્રથમ ૭૫% રકમ ભરપાય થાય તોજ અપીલ ફાઈલ થઈ શકે. માટે **MICRO** તથા **"SMALL** કેટેગરીમાં હોય એવા રજિસ્ટર્ડ વેપારીઓ માટે આવા ચુકાદા વરદાનરૂપ સાબિત થઈ શકે છે.

૭.૫) **MICRO/SMALL** એકમોને સંરક્ષિત કરવાના મુખ્ય હેતુથી **MSME SAMADHAN** યોજના હેઠળ **MICRO/SMALL** એકમ સિવાયના કોઈપણ એકમના દાવા રજુ થઈ શકતા નથી. માટે જ **Trader, Medium fu Unregistered** એકમ **MSME SAMADHAN** યોજનામાં દાવો નોંધાવી શકતા નથી.

### ૮) F.A.Q. (Frequently Asked Question)

**Q: Income Tax** ની **Section 43B(h)** ની જોગવાઈ ક્યારથી લાગુ પડે છે?

**A: Finance Act 2023**, મુજબ તારીખ: ૦૧-૦૪-૨૦૨૩ થી શરૂ થતાં વર્ષથી લાગુ કરવામાં આવી છે. માટે **FY 2023-24**થી લાગુ થાય છે.

**Q:** શું **Medium** કે **Trader** કેટેગરીના એકમોને આ જોગવાઈઓ લાગુ પડશે?

**A:** ના, આ કાયદો **Medium** કે **Trader** કેટેગરીના એકમોને આ જોગવાઈઓ લાગુ પડશે નહીં. એનો અર્થ એ સમજવો કે જો તમે **Medium** કે **Trader** કેટેગરીના વેપારી છો તો તમને તમારું પેમેન્ટ મેળવવા માટે ૧૫ દિવસ કે ૪૫ દિવસ ની જોગવાઈઓ લાગુ પડશે નહીં. તમે તમારા વેચાણના નાણાં મેળવવા માટે કોઈપણ મુદત રાખી શકો છો. પણ ધ્યાન રહે કે તમારે જો **MICRO/SMALL** એકમોને પેમેન્ટ આપવાનું હોય તો તેના માટે ૧૫/૪૫ દિવસની જોગવાઈઓ ચોક્કસપણે લાગુ પડશે.

આનો મતલબ એમ સમજવો કે **Medium** કે **Trader** એકમો પોતાના માલનું પેમેન્ટ મોડું સ્વીકારી શકશે પણ તેમણે **MICRO/SMALL** એકમોને પેમેન્ટ તો નિયત સમયમાં ચૂકવવું જ પડશે, પરિણામે **Traders**ની **Wroking Capital** ખૂબ મોટા પ્રમાણમાં બ્લોક થશે.

**Q:** હાલમાં જે વેપાર ધંધા ચાલે છે તેમાં મહત્તમ વેપારીઓના બીલમાં **Due Date** નો ઉલ્લેખ હોતો નથી તેમજ તે અંગેનો કોઈ લેખિત કરાર પણ હોતો નથી તો તેવા સંજોગોમાં **Due Date** શું સમજવી?

**A:** પ્રવર્તમાન સંજોગોમાં મહત્તમ વેપારીઓના લેખિત કરાર હોતા નથી તેમજ બીલમાં પણ **Due Date** નો ઉલ્લેખ હોતો નથી, તો તેવા સંજોગોમાં સાવચેતીરૂપે જે વેપારી પાસેથી માલ/સેવા અંગેની ખરીદીના બીલ મેળવો છો તેમાં **Due Date** નો ઉલ્લેખ કરાવી લેવો હિતાવહ છે.

**Q:** હાલમાં જે વેપાર ધંધા ચાલે છે તેમાં મહત્તમ વેપારીઓના બીલમાં **MSME**ની કઈ કેટેગરીમાં છે તેનો ઉલ્લેખ હોતો નથી તો તેવા સંજોગોમાં શું સમજવું?

**A:** પ્રવર્તમાન સંજોગોમાં મહત્તમ વેપારીઓના લેખિત કરાર હોતા નથી તેમજ બીલમાં પણ **MSME**ની કેટેગરીનો ઉલ્લેખ હોતો નથી, તો તેવા સંજોગોમાં દરેક વેપારીએ પોતાનો **MSME** નોંધણી નંબર સામેવાળાને આપવો અનિવાર્ય બનશે, જો કોઈ કારણસર આમ નહીં થાય તો તેઓ **"UNREGISTERED"** છે એવું માની લેવાશે અને તેમને **Income Tax** કાયદાની જોગવાઈઓમાંથી બાકાત રાખવામાં આવશે. સાવચેતીરૂપે જે વેપારી પાસેથી માલ/સેવા અંગેની ખરીદીના બીલ મેળવો છો તેમનું **MSME** રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મંગાવવું તદુપરાંત બીલમાં પણ તેનો ઉલ્લેખ કરવો અનિવાર્ય છે.

**Q:** વેપારી **MSME** કાયદા મુજબ કઈ કેટેગરીમાં છે તે સામેવાળા વેપારીને કેવી રીતે જાણ થશે?

**A:** જો કોઈ ધંધા/વેપારનો લેખિત કરાર નથી તેમજ વેચાણ બીલમાં આ અંગેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નહીં હોય તો સૌપ્રથમ તમે જેમની પાસે ખરીદી કરો છો, તો તમારી કાયદાકીય રીતે એ જવાબદારી બને છે કે તમે આવા હરકોઈ વેપારી પાસેથી લેખિતમાં પત્ર-વ્યવહાર/**E-mail** કરીને એ અંગેની જાણકારી મેળવો. વધુમાં તેમની કેટેગરીનો ઉલ્લેખ બીલમાં જ લખાયેલો હોવો જોઈએ. તમારા લેખિત પત્ર-વ્યવહારનો પુરાવો જ્યારે તમારા **Books_of Accounts "AUDIT"** માટે આપશો ત્યારે અનિવાર્ય બની રહેશે તેમજ **SCRUTINY** સમયે પણ એટલું જ મદદગાર થશે.

MSME
MICRO, SMALL & MEDIUM ENTERPRISES
सूक्ष्म, लघु एवं मध्यम उद्यम

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં કાલે હોળી, સોમવારે ધુળેટી પર્વની ઉજવણી થશે

## ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિર ખાતે હોળીનું પ્રાગટય થયા બાદ શહેર અને જીલ્લામાં ઠેર ઠેર હોળી પ્રગટાવાશે







(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

હોળી અને ધુળેટીના પર્વને મનાવવા માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. હોળી અને ધુળેટીના પર્વનું આગવું અને અનેરૂ મહત્વ છે. આ વર્ષે આવતીકાલે રવિવારે હુતાસણીનું પર્વ મનાવવામાં આવશે અને સોમવારે ધુળેટી પર્વ ઉત્સાહભેર મનાવવામાં આવશે. હોળી અને ધુળેટીના પર્વને લઈને જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્સાહભર્યો માહલ પ્રવર્તી રહ્યો છે. આજે જૂનાગઢ શહેરમાં હોળી પર્વ નિમિતે ખજુર-દાળીયા, ધાણી, કોપરૂ, હારડા સહિતની ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવી રહી છે અને સોમવારે ઉજવનારા ધુળેટીના પર્વને લઈને કલર અને પિચકારીની પણ ખરીદી મોટેપાયે કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ચોકે-ચોકે અને સોસાયટી વિસ્તારમાં હોળી પ્રગટાવવામાં આવશે. હોલીકા દહનના કાર્યક્રમો ભાવપુર્વક કરવામાં આવે છે. શાસ્ત્રોક વિધી સાથે હોળી માતાનું પૂજન કરી અને હોળી પ્રગટાવવામાં આવતી હોય છે. હોળી પ્રગટાવ્યા બાદ લોકો હોળી માતાના દર્શને આવતા હોય છે અને ત્યાં પ્રદક્ષિણા ફરી અને હોલી માતાને પ્રસાદ ધરવામાં આવતો હોય છે. આ ઉપરાંત નાના બાળકોને પણ હોળી માતાની પ્રદક્ષિણા કરી અને તેમને સુખ, સમૃધ્ધી અને રક્ષણ કરવાની કામના સાથે હોળી માતાના દર્શન કરવામાં આવે છે. જૂનાગઢ શહેરના અનેક વિસ્તારો તેમજ ગાંધીગ્રામ વિસ્તારમાં પણ ખુબ જ મોટાપાયે હોળીનું આયોજન કરી અને પ્રગટાવવામાં આવે છે. શહેર અને જીલ્લામાં હોળી પ્રાગટયના ઠેર-ઠેર કાર્યક્રમો યોજવામાં આવે છે. આ અંગે વિશેષમાં મળતી વિગત અનુસાર, જૂનાગઢ ગીરનાર પર્વતની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના મંદિર પરિસરમાં આગળના ભાગે વર્ષોની પરંપરા રહી છે કે પ્રથમ ગિરનાર અંબાજી મંદિર ખાતે હોળી પ્રાગટ્ય થાય પછી જ લોકો હોળીની જવાળા જોઈ અને શહેરમાં હોળી પ્રગટાવતા હોય છે. અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગીરી બાપુની નિશ્રામાં હુતાસણીની આવતીકાલે રવિવારે સાંજના માતાજીની આરતી બાદ હુતાસણી પ્રગટાવવામાં આવશે. જેમાં હુતાસણીમાં શ્રીફળનો ઉપયોગ વધારે થાય છે. શ્રીફળ છાણા અને લાકડાની હોળી ખડકવામાં આવે છે અને વિધિ વિધાનથી હુતાસણીની પૂજા વિધિ બાદ હોળીનું પ્રાગટ્ય થાય છે. તે રીતે દાતાર પર્વત ઉપર પણ દાતારની જગ્યાના મહંત શ્રી ભીમ બાપુની નિશ્રામાં દાતાર ઉપર હુતાસણી પ્રાગટ્ય થાય છે. જેમાં મેક્સિમમ ગૌશાળાની ગાયોના છાણાંની હોળી ખડકવામાં આવે છે અને પૂજ્ય ભીમબાપુ દ્વારા સાંજના સમયે હુતાસણીની વિધિવત પૂજા અર્ચના સાથે હોળીનું પ્રગટાવવામાં આવે છે. પર્વત ઉપરની આ બંને હુતાસણીના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને હુતાસણીના દર્શન કરી ધન્ય બને છે. પહાડો ઉપરની હુતાસણીના દર્શન અને એનો લ્હવો લેવો કંઈક અનેરી જ મજા હોય છે. શ્રદ્ધાળુઓ હુતાસણીને ફરતા ચાર ફરતી પ્રદિક્ષણા કરી અને શ્રીફળ હોમે છે અને પોતાની માનતા પુરી કરે છે. વિશેષમાં ખગોળ વિદ્યાના જાણકારો હોળીની જાળ કઈ દીશામાં જાય છે તેના ઉપરથી આગામી ચોમાસું કેવું રહેશે તે અંગેના ફળ કથન કરતા હોય છે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે હોળીનું પર્વ મનાવાશે અને સોમવારે ધુળેટીનું પર્વ મનાવાશે જે અંગેની ભારે ઉત્સાહ વચ્ચે તૈયારી કરવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં વિલિંગ્ડન ડેમમાં ઝંપલાવી આધેડનો આપઘાત : અરેરાટી





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરનાં જોષીપરાનાં ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં રહેતા દિલીપ જેન્તીભાઈ દેકીવાડીયા (ઉ.વ. ૪૫) નામના આધેડે ગઈકાલે બપોરનાં સમયે વિલીંગ્ડન ડેમમાં ઝંપલાવી અને જીવનનો અંત આણ્યાનો બનાવ બનવા પામતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર ગઈકાલે ભર બપોરે બે વાગ્યાના અરસામાં એક આધેડે આવીને સીધો ડેમમાં કુદકો માર્યો હતો અને સ્થળ ઉપર હાજર લોકોએ તાકીદે પોલીસ અને ફાયરનો જાણ કરીનો બોલાવ્યા હતા. ફારમેનોએ અંદર પાણીમાંથી આધેડનો મૃતદેહ કાઢીને પીએમ માટે મોકલ્યો હતો અને મૃતક જોષીપરાના હોવાનું સામે આવ્યું છે. વિશેષમાં પ્રાપ્ત વિગતોમાં ગઈકાલે બપોરે બે વાગ્યાના અરસામાં ફાયર સ્ટાફને માહિતી મળી કે, વિલિંગ્ડન ડેમમાં એક વ્યક્તિ પડી ગયેલ છે, તુરંત ગાડી નંબર ૯૮૪માં ફરજ ઉપરના કનુભાઈ પરમાર, ડ્રાઈવર લીલાભાઈ રાવળીયા, ફાયરમેન નુરમહમદ શેખ, નરેશભાઈ કાઠી, રાહુલભાઈ વાસણ, પિનાક ખેર અને ધ્રુવ કનાડા સ્થળ ઉપર પહોંચ્યા હતા. જોયું તો પાણીમાં એક વ્યક્તિ તરતી હાલમાં હતો. તુરંત સ્ટાફે અંદર કુદીને તેને બહાર કાઢવામાં આવેલ પરંતુ તે વ્યકિત મૃત્યું પામેલ હોવાનું જાહેર થયું હતું. તેને પોસ્ટમોર્ટમ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમ્યાન મૃતક વ્યક્તિ જોષીપરાના ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતા દીલીપ જેન્તીભાઈ દેકીવાડીયા (ઉ.વ.૪૫) હોવાનું બહાર આવેલ અને તે છેલ્લા ૧૫ વર્ષથી માનસિક બિમારીથી પીડાતા હતા અને આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ ભવનાથ પોલીસ ચલાવી રહી છે.

**ફાયર વિભાગની કામગીરી**


ફાયર સ્ટાફને જાણ થયાની ગણતરીની મીનીટોમાં જ જૂનાગઢ ફાયર શાખાનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જેમાં એક ફાયરમેન નુરમહમદ શેખ જે રમઝાન માસના દરરોજ રોઝા રાખે છે અને તેમની શિફટ પુરી થવાની હતી છતાં તેઓએ કોઈપણ વિચાર્યા વગર પાણીમાં કુદકો માર્યો હતો. કમનશીબે કુદકો મારનાર વ્યકતિ મૃત હાલતમાં મળ્યો પરંતુ તેના ડેડબોડીને પાણીમાંથી બહાર લાવ્યા હતા.

**આધેડને બચાવવા એક દુકાનદાર પણ પાછળ ગયા હતા**

વિલીંગ્ડન ડેમ ઉપર અનેક નાના દુકાનદારો લારી રાખીને લીંબુ સોડા વેંચતા હોય છે તેઓની નજર પારખી હોય છે અહી કોઈ આપઘાત કરવાના વિચાર સાથે આવ્યો હોય તો તે તુરંત ઓળખી જતા હોય છે. ત્યારે ગઈકાલે બપોરે પણ આધેડ એક દુકાનદાર પાસે લીંબુ સોડા પીવા આવ્યો અને તેના મોઢા ઉપરથી દુકાનદારને શંકા ગયેલ જેથી તેની પાછળ ગયો પરંતુ તે કઈ સમજે તે પહેલા જ આધેડે ડેમમાં કુદકો મારી દીધો હતો. તેને બચાવવા માટે દુકાનદારે એક મોટી રસ્સી ફેંકી હતી પરંતુ આધેડે પકડી ન હોવાનું સામે આવ્યું હતું અને વિલિંગ્ડન ડેમમાં ઝંપલાવનાર આધેડનું મૃત્યું થયું હતું.

# જૂનાગઢ સહિત સોરઠમાં કાળજાળ ગરમી વચ્ચે બપોરના સમયે કર્ફ્યુ જેવો માહોલ

## ગરમીના આક્રમણ સામે ઠંડક મેળવવા ઈલેકટ્રીક ઉપકરણોનો ઉપયોગ વધ્યો : શેરડીનો રસ સહિતના ઠંડાપીણાની મોસમ શરૂ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ઉનાળાની શરૂઆત સાથે જ કાળજાળ ગરમીનું આક્રમણ શરૂ થયું છે અને આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે અને ભગવાન સૂર્યનારાયણ દેવ આકરો તાપ વર્ષાવી રહ્યા છે. જૂનાગઢ શહેરનું મહતમ તાપમાન ૩૯થી ૪૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે. સવારે ૩૪ ટકા અને બપોરે ૧૩ ટકા ભેજ રહે છે અને બપોરના સમયે જૂનાગઢ શહેરની બજારોમાં કર્ફ્યુ જેવ માહોલ જોવા મળે છે.

આકરા તાપનો લઈનો સાંજના મોડે સુધી લોકો ઘરની અંદર જ રહેવાનું પસંદ કરતા હોય છે અને ૭ વાગ્યા પછી બજારો ધમધમતી થાય છે. છેલ્લા એક અઠવાડીયાથી સખ્ત ગરમીના વાતાવરણ વચ્ચે જન જીવન સેકાઈ રહ્યું છે. સતત વર્ષી રહેલા અગન વર્ષા વચ્ચે ગરમીની સામે રાહત મેળવવા ઈલેકટ્રીક ઉપકરણોનો ઉપયોગ વધ્યો છે. આ ઉપરાંત ઠંડક મેળવવા માટે લોકો શેરડીનો રસ, દ્રાક્ષ, તરબુત, ઠંડાપીણાનું સેવન કરી રહ્યા છે.

# હોળીકા દહન કરવા માટે યુવાનો છાણાની ચોરી કરે છે

## સૌરાષ્ટ્રનાં કેટલાક વિસ્તારમાં હોળી ધુળેટી તહેવારને લઈ યુવાનો છાણાની ચોરી કરે છે, અને જો ચોરી કરતા પકડાઈ જાય તો તેમને સજા પણ મળે છે

જૂનાગઢ, તા.૨૩

હોળી ધુળેટી પર્વને લઈ દેશભરમાં તૈયારીઓ ચાલી રહી છે. હિન્દુ ધર્મમાં હોળી ધુળેટી પર્વને લઈ અનેક માન્યતાઓ પણ રહેલી છે. જે દેશના અનેક ગામડાઓમાં લોકો પરંપરાગત રીતે ઉજવે છે. તેવી જ રીતે સૌરાષ્ટ્રનાં કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં આજે પણ એક પરંપરા લોકોએ જાળવી રાખી છે. ત્યારે આપણે આજે આ વિશેષ પરંપરા વિશે અહીં જાણીશું. કે કેવી રીતે લોકો છાણાની ચોરી કરે છે અને જો પકડાઈ જાય તો કેવી સજા મળે છે. સૌરાષ્ટ્રનાં કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં યુવાનો હોળીકા દહન કરવા માટે છાણાની ચોરી કરે છે. આ થાપેલા છાણાને ચોરતા જો કોઈ યુવક પકડાઈ જાય તો તેને તેના માલીક દ્વારા સજા પણ આપવામાં આવે છે. હોળીના તહેવારને લઈ છાણા ચોરવાની પરંપરા વર્ષોથી ચાલતી આવી છે.

છાણાની ચોરી બાળકો હોળીકા દહન માટે કરતા હોય છે. આ એક પરંપરા છે. અમને પણ ખુબ ગમે બાળકો વાડામાં આવે અને પાથેલા છાણા ચોરે છે ત્યારે અમે તેમના પાછળ દોડીએ છીએ. પરંતુ જો કોઈ બાળક પકડાઈ જાય તો તેને સજારૂપે છાણા થાપવાની સજા, આખો દિવસ બેસાડી રાખવાની સજા, અને વાસીદા પણ કરાવવામાં આવે છે. પહેલા બાળકો અને યુવાનો મોટી સંખ્યામાં છાણાની ચોરી કરતા હતા,પરંતુ હવે ચોરી કરવા ઘણા ઓછા લોકો આવે છે.

# માણાવદર તાલુકાના કોઠડી ગામ નજીકથી કારમાંથી તલવાર, પાવડાનો હાથો, લોખંડનો પાઈપ સહિતના હથિયારો સાથે ચાર ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
માણાવદર તા.૨૩

માણાવદર તાલુકાના કોઠડી ગામેથી એક કારમાંથી તલવાર, લોખંડનો પાઈપ સહિતના હથિયાર સાથે ચાર શખ્સોને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે માણાવદર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઈ રામભાઈએ જાતે ફરિયાદી બની નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી જાવિદ ઈબ્રાહીમભાઈના હવાલાની ફોરવ્હીલ કાર નંબર જીજે-૦૩-જેસી-૫૭૨૨માં કોઈ ગુનો કરવાના ઈરાદે ગેરકાયદેસર રીતે તલવાર, લાકડાનો ધોકો, પાવડાનો હાથો, લોખંડનો પાઈપ, લોખંડની હથોડી સહિતના હથિયારો રૂા.૫૭૦ના તેમજ ફોરવ્હીલ કાર રૂા.૫ લાખ મળી આવતા જાવીદભાઈ ઈબ્રાહીમભાઈ (ઉ.વ.૫૮) રહે.ઉપલેટા, નવાજભાઈ યાકુબભાઈ બલેમી રહે.ધોરાજી, ઈરફાન ઈદ્રીશભાઈ રહે.જેતપુર, સાજણભાઈ દેવશીભાઈ મુળીયાશીયા રહે.રાજકોટ વિગેરે વિરૂધ્ધ હથિયારબંધી જાહેરનામાના ભંગ અંગે જીપી એકટ ૧૩૫ મુજબ તમામ સામે ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માણાવદરના પીએસઆઈ સી.વાય. બારોટ ચલાવી રહ્યા છે.

# જૂનાગઢ : ટ્રાન્સફોર્મરની ચોરીના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના અને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સિધા માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓને ઝડપી લેવા પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ચોક્કસ મળેલી બાતમીના આધારે નાસતા-ફરતા આરોપીને ઝડપી લેવામાં આવેલ છે. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડુંગરપુર ગામ ખાતે વિજ ટ્રાન્સફોર્મર રૂા.૧૫ હજારની ચોરીના ગુનામાં સંડોવાયેલો વિપુલ તુલસીભાઈ વાઘેલા દેવીપૂજક રહે.જૂનાગઢ વાળો સાબલપુર ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળા નજીક ઉભો હોવાની માહિતી મળતા એલસીબીના પીઆઈ જે.જે. પટેલ અને સ્ટાફે બાતમીના સ્થળે જઈ વિપુલ તુલસીભાઈ વાઘેલાની અટકાયત કરી તેને આગળની કાર્યવાહી માટે જૂનાગઢ તાલુકા પોલીસને સોંપી દેવામાં આવેલ છે.

# કેશોદ તાલુકાનાં ખમીદાણા ગામે ગળાફાંસો ખાઈ આપઘાત

જૂનાગઢ તા. ૨૩

કેશોદ તાલુકાનાં ખમીદાણા ગામે રહેતા દિનેશભાઈ હરીભાઈ મારડીયા (ઉ.વ. ૪૫)એ કોઈપણ અગમ્ય કારણોસર પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે આ બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
જાહેર સૂચના
જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવેની મર્યાદામાં લાલપુર (LPJ) યાર્ડ ખાતે લેવલ ક્રોસિંગ નંબર 18, જે કાનાલુસ (KNLS) - લાલપુર (LPJ) સ્ટેશન, (ATUV 33.76, 04/2023) વચ્ચે કિમી 869/5-6 પર લાલપુર (LPJ) યાર્ડ ખાતે સ્થિત છે. તે 28.03.2024 થી કાયમી ધોરણે બંધ રહેશે. જેના કારણે તમામ રોડ યુઝર્સને કિમી 869/1-2, કાનાલુસ (KNLS) સાઈડ ડાયવર્ઝન પર સ્થિત લિમિટેડ હાઈટ સબવે (LHS) નંબર 14/A મારફતે મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. માર્ગ વપરાશકર્તાઓને વિનંતી છે કે તેઓ બંધનું પાલન કરે અને કૃપા કરીને સહકાર દર્શાવે.
BVP-190
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.